RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 02* Date: 22.10.2022, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

# વડાપ્રધાન મોદીએ માણા ગામમાં રોડ અને રોપવે પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો

**૨૧મી સદીના વિક્સિત ભારતના નિર્માણના બે પ્રમુખ સ્તંભો : પહેલો- તમારા વારસા પર ગર્વ અને બીજો- વિકાસ માટે દરેક શક્ય પ્રયત્ન છે. : વડાપ્રધાન**



દહેરાદુન,તા.૨૧

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બદ્રીનાથમાં પૂજા અર્ચના બાદ માણા ગામમાં રોડ અને રોપવે પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કર્યો. ત્યારબાદ કાર્યક્રમને સંબોધન કરતા તેમણે કહ્યું કે આજે બાબા કેદારનાથ અને બદ્રી વિશાલજીના દર્શન કરીને મન પ્રસન્ન થઈ ગયું. જીવન ધન્ય થઈ ગયું. તેમણે વધુમાં કહ્યું કે માણા ગામ, ભારતના અંતિમ ગામ તરીકે જાણીતું છે. પરંતુ મારા માટે સરહદે વસેલું દરેક ગામ દેશનું પહેલું ગામ છે. આ સાથે જ તેમણે ૨૧મી સદીના વિક્સિત ભારતના નિર્માણના બે પ્રમુખ સ્તંભોની પણ જાણકારી આપી અને કહ્યું કે પહેલો- તમારા વારસા પર ગર્વ અને બીજો- વિકાસ માટે દરેક શક્ય પ્રયત્ન છે.

પીએમ મોદીએ કહ્યું કે દેશની આઝાદીના ૭૫ વર્ષ પૂરા થવા પર મે લાલ કિલ્લાથી એક આહ્વાન કર્યું, આ આહ્વાન છે ગુલામીની માનસિકતાથી સંપૂર્ણ રીતે મુક્તિનું. કારણ કે આઝાદીના આટલા વર્ષો બાદ પણ આપણા દશને ગુલામીની માનસિકતાએ એવો જકડેલો છે કે પ્રગતિના કેટલાક કાર્યો કેટલાક લોકોને અપરાધ જેવા લાગે છે. વિદેશોમાં ત્યાંની સંસ્કૃતિ સંલગ્ન સ્થાનોની આ લોકો પ્રશંસા કરતા થાકતા નહતા, પરંતુ ભારતમાં આ પ્રકારના કામને નિમ્ન દ્રષ્ટિથી જોવામાં આવતા હતા.

પીએમ મોદીએ કહ્યું કે વિકાસના આ તમામ પ્રોજેક્ટ્સ માટે ઉત્તરાખંડને અને દેશ વિદેશના દરેક શ્રદ્ધાળુઓને હું ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવું છું. ગુરુઓની કૃપા રહે, બાબા કેદારની કૃપા જળવાઈ રહે, બદ્રી વિશાલની કૃપા જળવાઈ રહે. આપણા તમામ શ્રમિક સાથીઓને પણ શક્તિ મળે એવી પ્રાર્થના કરું છું.

તેમણે કહ્યું કે આસ્થાનું આ કેન્દ્ર ફક્ત એક માળખું જ નહીં પરંતુ આપણા માટે પ્રાણવાયુની જેમ છે. તેઓ આપણા માટે એવા શક્તિપૂંજ છે જે કપરામાં કપરી પરિસ્થિતિઓમાં પણ આપણને જીવંત રાખે છે. અયોધ્યામાં આટલું ભવ્ય રામમંદિર બને છે, ગુજરાતના પાવાગઢમાં કાલિકાના મંદિરથી લઈને વિંધ્યાચળ દેવીના કોરિડોર સુધી, ભારત પોતાના સાંસ્કૃતિક ઉત્થાનનું આહ્વવાન કરી રહ્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે પહેલા જે વિસ્તારોને દેશની સરહદોનો અંત ગણીને નજરઅંદાજ કરાતા હતા, અમે ત્યાંથી સમૃદ્ધિનો આરંભ માનીને કામ શરૂ કર્યું. પહેલા દેશના અંતિમ ગામ ગણીને જેની ઉપેક્ષા થતી હતી, અમે ત્યાંના લોકોની અપેક્ષાઓ પર ફોકસ કર્યું. પહેલા દેશના વિકાસમાં જેમના યોગદાનને મહત્વ ન અપાયું અમે તેમને સાથે લઈને પ્રગતિના મહાન લક્ષ્યો તરફ આગળ વધવાનો સંકલ્પ કર્યો.

મોદીએ કહ્યું, 'માણા ગામને ભારતના છેલ્લા ગામ તરીકે ઓળખવામાં આવે છે. હવે મારા માટે પણ સરહદ પરનું દરેક ગામ દેશનું પ્રથમ ગામ છે. સરહદ પર વસેલા તમે બધા મારા સાથી દેશના મજબૂત ચોકીદાર છો. આજે મારે મનની જૂની યાદો તાજી કરવી છે. હું સીએમ બન્યો, પીએમ બન્યો, તેથી સરહદ પરના આ ગામને યાદ કરી રહ્યો છું એવું નથી. ૨૫ વર્ષ પહેલા જયારે હું ઉત્તરાખંડમાં ભાજપના કાર્યકર તરીકે કામ કરતો હતો, ત્યારે કોઈ મને બહુ ઓળખતા નહોતા. હું સંગઠન માટે કામ કરતો હતો. તે સમયે માણામાં મેં ઉત્તરાખંડ ભાજપ કાર્યકારી સમિતિની બેઠક બોલાવી હતી. ત્યારે ઉત્તરાખંડના કાર્યકર્તાઓ મારા પર નારાજ થયા હતા કે આટલી મહેનતથી જવું પડશે, દુર જવું પડશે.

મોદીએ નામ ન લેતા વિપક્ષ પર નિશાન સાધ્યું હતુ. તેમણે કહ્યું- આપણા દેશને ગુલામાની સાંકળોમાં એવો જકડી રાખ્યો કે કેટલાક લોકો વિકાસના કાર્યો પર સવાલો ઉભા કરે છે. પહેલા દેશમાં પોતાની સંસ્કૃતિ વિશે હીન ભાવના હતી. પરંતુ હવે કેદારનાથ, બદ્રીનાથ, હેમકુંડ સાહિબ, કાશી ઉજ્જૈન અયોધ્યા જેવા શ્રદ્ધાના કેન્દ્રો તેમની ભવ્યતા દર્શાવી રહ્યા છે. દેશમાં ગુલામીની માનસિકતાના અંતની જરૂર છે.

'આઝાદી પછી સોમનાથ મંદિરના નિર્માણ વખતે શું થયું તે સૌ જાણે છે. રામ મંદિરના ઈતિહાસથી પણ આપણે પરિચિત છીએ. ગુલામીની આ સ્થિતિએ આપણા આસ્થાના ઘરોને બરબાદ કરી દીધા હતા. આ બધું નાશ કરવામાં આવ્યું હતુ. દાયકાઓ સુધી આપણા આધ્યાત્મિક કેન્દ્રોની હાલત એવી હતી કે ત્યાંની યાત્રા સૌથી મુશ્કેલ યાત્રા બની જતી હતી. જ્યાં જવું એ જીવનનું સપનું છે, પણ સરકારો એવી હતી કે પોતાના નાગરિકોને ત્યાં જવાની સુવિધા આપવાનું વિચાર્યું નહીં. આ અન્યાય હતો કે નહીં? તમારો હા જવાબ તમારો નહીં, ૧૩૦ કરોડ લોકોનો છે. તેથી જ મને ભગવાનનું કામ સોંપવામાં આવ્યું છે.'

'હું જયારે છેલ્લી વખત બાબાની હાજરીમાં તેમની કૃપાથી આવ્યો હતો, ત્યારે કેટલાક શબ્દો નીકળ્યા હતા. તે મારા ન હતા. તેઓ કેવી રીતે આવ્યા, શા માટે આવ્યા, કોણે આપ્યા, મને ખબર નથી. આ દાયકો ઉત્તરાખંડનો દાયકો હશે એવું મોઢામાંથી નીકળી ગયું હતું.

હું નિશ્ચિતપણે માનું છું કે આ શબ્દો પર બાબા, બદ્રી વિશાલ અને મા ગંગાના આશીર્વાદની શક્તિ બની રહેશે.

## દિલ્હીમાંથી ચીની મહિલાની જાસૂસી બદલ ધરપકડ કરાઇ

નવીદિલ્હી,તા.૨૧

નેપાળના નાગરિક બન્યા પછી છેલ્લા ત્રણ વર્ષથી ચીનની એક ડિટેક્ટીવ ભારતમાં રહેતી હતી. દિલ્હી પોલીસે તેની ધરપકડ કરી હતી. એન્ટિ -ઇન્ડિયા પ્રવૃત્તિઓમાં કથિત રીતે ૫૦ વર્ષની વયની ચાઇનીઝ મહિલાને રાષ્ટ્રીય રાજધાનીમાં પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી છે. મીડિયા અહેવાલો અનુસાર, કાઇ રુઓ નામની એક મહિલા ૨૦૧૯ થી ભારતમાં 'બૌદ્ધ સાધુ' તરીકે રહેતી હતી. પોલીસને તેની ચાઇનીઝ જાસૂસ હોવાની શંકા છે. આંતરરાષ્ટ્રીય સમાચાર અહીં વાંચો.દિલ્હી પોલીસને ટાંકીને જણાવાયું હતું કે, "કાઇ રુઓ નામની ચીની મહિલાને રાષ્ટ્રીય વિરોધી પ્રવૃત્તિઓમાં કથિત સંડોવણી માટે ધરપકડ કરવામાં આવી છે. ડોલ્મા લામા નામના નેપાળી નાગરિકત્વનું પ્રમાણપત્ર તેની પાસેથી મળી આવ્યું છે. જોકે, તે જાણવા મળ્યું કે તે એક ચાઇનીઝ નાગરિક છે. તેમણે ૨૦૧૯માં ચાઈનીઝ પાસપોર્ટનો ઉપયોગ કરીને ભારતની યાત્રા કરી હતી." પોલીસે આ અંગે કેસ નોંધાવ્યો છે. દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે તેણે ચીની મહિલા કાઈ રુઓ વિરુદ્ધ રાષ્ટ્રીય વિરોધી પ્રવૃત્તિઓમાં કથિત સંડોવણીને કારણે ૪૧૯/૪૨૦/૪૬૭/૪૭૪ આઈપીસી અને ૧૪ ફોરેન્સમેન એક્ટ હેઠળ કેસ નોંધાવ્યો છે.

મીડિયા અહેવાલોએ દાવો કર્યો છે કે કાઇ રુઓ "સારી રીતે પ્રશિક્ષિત અને દુષ્ટ સ્ત્રી છે." મહિલાએ પોલીસને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો. તેણે કહ્યું છે કે ચીની સામ્યવાદી નેતાઓ તેની હત્યા કરવા માગે છે અને તેથી તે ભારત ભાગી ગઈ હતી. તે ભારતમાં "નેપાળી નાગરિક ડોલા લામા" તરીકે રહેતી હતી. મહિલાએ અગાઉ દાવો કર્યો હતો કે તે નેપાળના કાઠમંડુની રહેવાસી છે. તેમણે "નેપાળી ઓળખ કાર્ડ" પણ રજૂ કર્યું. જોકે તે અંગ્રેજીમાં પોલીસ સાથે વાત કરી રહી હતી, પરંતુ તે નેપાળી ભાષાને જાણતી નહોતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે પોલીસ અહીંથી શંકાસ્પદ થઈ ગઈ છે અને તપાસ પછી, આખો મામલો પ્રકાશમાં આવ્યો છે.

પોલીસને પણ ખબર પડી કે તે ગુસ્સે ચાઇનીઝ ભાષા બોલે છે. પાછળથી, ક્રોસ-ચેકિંગ અને ચકાસણી પર, પોલીસને ખબર પડી કે તેના નામે એક ચાઇનીઝ પાસપોર્ટ જાહેર કરવામાં આવ્યો હતો, અને તે જ પાસપોર્ટના આધારે તે ભારતમાં રહેતી હતી. ૨૦૧૯ માં, તે ભારતના પશ્ચિમ બંગાળ રાજ્યના રાનીગંજ સરહદ વિસ્તારમાં નેપાળમાં પ્રવેશ કર્યો. બાદમાં, તે નેપાળી નાગરીતા આઈડી હસ્તગત કર્યા પછી ભારતમાં પ્રવેશ કર્યો. ભારતીય અધિકારીઓ સાથે ઉપલબ્ધ રેકોર્ડ્સ અનુસાર, તે ચીનના હેનન પ્રાંતનો રહેવાસી છે. તે કથિત દેશભરમાં અશાંતિ પેદા કરવાનો પ્રયાસ કરી રહી હતી.

## પુત્રીની હત્યાના આરોપમાં જેલમાં બંધ પિતા પુત્ર,બે વર્ષ બાદ જીવતી મળી પુત્રી

અમરોહા,તા.૨૧

યુપીના અમરોહામાં એક આશ્ચર્યચક્તિ કરનારો મામલો સામે આવ્યો છે બે વર્ષ પહેલા પુત્રીની હત્યાનો આરોપ પિતા અને ભાઇ પર લગાવાયો હતો તેના કારણેથી બંન્નેને લગભગ વર્ષભર જેલમાં બિતાવવો પડયો હતો ત્યારબાદ પરિવારજનોને પુત્રી જીવતી મળી ગઇ છે.ત્યારે પિતા અને પુત્રીને જામીન મળ્યા

પીડિત પરિવારે આ ઘટનાને લઈને ૧૧ પોલીસ કર્મચારીઓની વિરૂધ્ધ કેસ દાખલ કરાવ્યો હતો હાલ બંન્ને મામલાની સુનાવણી અદાલતમાં ચાલી રહી છે.મામલો આદમપુર વિસ્તારના મલકપુર ગામનો છે અહીં રહેનારી કમલેશ બે વર્ષ પહેલા અચાનક પોતાના ઘરેથી ગુમ થઇ ગઇ હતી.પરિવાજનોએ કમલેશને શોધવા માટે વિનંતી કરી પોલીસે ઉલ્ટાનું પિતા સુરેશ અને તેના ભાઇ બ્રજકિશોરને કમલેશની હત્યાના આરોપમાં પકડી લીધા અચાનક એક દિવસ ગામના જ એક યુવકે કમલેશને પાસેના ગામ પોરારામાં જોઇ ઘરે જઇ તેણે વાત પીડિત પરિવારને જણાવી હતી ત્યારબાદ ગ્રામીણો અને પીડિત પરિવારે એકત્રિત થઇ કમલેશને શોધી ઘરે લાવી ત્યારબાદ કહેવાતી મૃતક કમલેશને પોલીસની સામે હાજર કરી પોલીસ પણ તેને જોઇ સ્તબ્ધ થઇ ગઇ અને કમલેશને નારી નિકેતન મોકલી આપી સમગ્ર મામલો સામે આવ્યા બાદ પુરાવાના આધારે હાઇકોર્ટે પિતા અને પુત્રને જામીન આપ્યા હતાં.

જામીન પર આવ્યા બાદ આ મામલે પીડિત પરિવારે અદાલતમાં ૧૧ પોલીસ કર્મચારીઓની વિરૂધ્ધ કેસ દાખલ કરાવ્યો પરંતુ પોલીસ કર્મચારીઓની વિરૂધ્ધ કેસ હોવાથી એક વર્ષ બાદ પણ તેમની વિરૂધ્ધ આજ દીન સુધી ચાર્જશીટ કોર્ટમાં દાખલ થઇ શકી નહીં પીડિત પરિવાર આરોપી પોલીસ કર્મચારીઓને જેલ મોકલવાની વિનંતી કરી રહ્યો છે.

### રશિયાએ મિત્રતા નિભાવી

## રશિયાએ નક્શામાં સમગ્ર પીઓકેને ભારતનો હિસ્સો અને અક્સાઈને પણ ભારતનો ભાગ ગણાવ્યો

નવીદિલ્હી,તા.૨૧

ભારતના મિત્ર રશિયાએ પાકિસ્તાન અને ચીનને એટલો મોટો ઝટકો આપ્યો છે કે તેઓ હંમેશા માટે યાદ રાખશે. રશિયાએ એક નક્શામાં સમગ્ર પીઓકેને ભારતનો હિસ્સો ગણાવ્યો છે. ફક્ત એટલું જ નહીં રશિયાએ તો અક્સાઈ ચીન કે જેના પર ચીને કબજો જમાવી રાખ્યો છે તેને પણ ભારતનો ભાગ ગણાવ્યો છે. અત્રે જણાવવાનું કે આ અગાઉ રશિયા હંમેશા પીઓકે પર નિવેદન આપતા બચતું જોવા મળતું હતું અને અનેકવાર જમ્મુ અને કાશ્મીરને ભારતનો આંતરિક મુદ્દો ગણાવી ચૂક્યું છે.

રશિયાની સરકાર દ્વારા બહાર પાડવામાં આવેલા એસસીઓ સભ્ય દેશોના નકશામાં જમ્મુ અને કાશ્મીર, લદાખ, અરુણાચલ પ્રદેશને ભારતનો અભિન્ન ભાગ ગણાવવામાં આવ્યા છે. પાકિસ્તાન અને ચીન એસસીઓન સભ્ય દેશ હોવા છતાં રશિયાએ આ પગલું ભર્યું છે. જેનાથી પાકિસ્તાન અને ચીનના હોશ ઉડ્યા છે.

રશિયા દ્વારા બહાર પાડવામાં આવેલા આ નક્શાના કારણે આંતરરાષ્ટ્રીય સ્તર પર અને શાંઘાઈ સહયોગ સંગઠનના ભીતર જમ્મુ કાશ્મીરના મુદ્દે ભારતનો પક્ષ મજબૂત થશે. તેને લઈને ભારતના સરકારી સૂત્રોએ કહ્યું કે એસસીઓના સંસ્થાપક સભ્યોમાં હોવાના નાતે રશિયાએ નક્શાનો યોગ્ય રીતે ચિત્રણ કરીને રેકોર્ડ સ્થાપિત કર્યો છે. અત્રે જણાવવાનું કે હાલમાં જ ચીને પણ એસસીઓ માટે એક નક્શો બહાર પાડ્યો હતો અને ભારતના કેટલાક વિસ્તારોને પોતાના ગણાવ્યા હતા. ચીને નક્શા દ્વારા વિસ્તારવાદની નીતિ દેખાડી હતી. પરંતુ રશિયાના આ પગલાંથી ચીનને મોટો આંચકો લાગ્યો છે. આ રીતે રશિયાએ અમેરિકાને પણ ઝટકો આપ્યો છે કારણ કે અમેરિકી રાજદૂતે પીઓકેના પ્રવાસ દરમિયાન વિવાદિત ટ્વીટ કરી હતી અને આ વિસ્તારને 'આઝાદ કાશ્મીર' કહ્યું હતું. પાકિસ્તાનમાં તૈનાત અમેરિકી રાજદૂત ડેવિડ બ્લોમ દ્વારા પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (પીઓકે) ને આઝાદ કાશ્મીર ગણાવ્યું અને ત્યારબાદ અમેરિકા તરફથી પણ કશું કહેવાયું નહીં.

## પહેલા યુવાનો પથ્થરમારો કરતા હતા, પરંતુ હવે તેઓ વિકાસની યોજનાઓમાં જોડાઈ રહ્યા છે : કેન્દ્રીય મંત્રી અમિત શાહ

નવીદિલ્હી,તા.૨૧

પોલીસ સંભારણા દિવસ પર ગૃહ પ્રધાન અમિત શાહે રાષ્ટ્રીય પોલીસ સ્મારક ખાતે શહીદ પોલીસકર્મીઓને શ્રદ્ધાંજલિ આપી હતી. જે દરમિયાન તેમણે જમ્મુ-કાશ્મીર વિશે કહ્યું કે, પહેલા યુવાનો પથ્થરબાજીમાં સામેલ હતા, પરંતુ હવે તેઓ સરકાર દ્વારા ચલાવવામાં આવતી વિવિધ વિકાસ યોજનાઓમાં સામેલ થઈ રહ્યા છે. તેમણે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સરકાર દ્વારા દેશની આંતરિક સુરક્ષાને મજબૂત કરવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલા લેવામાં આવ્યા છે.

આ કાર્યક્રમમાં ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે દેશની આંતરિક સુરક્ષાના મામલામાં સકારાત્મક ફેરફારો થયા છે. અગાઉ દેશના પૂર્વોત્તર રાજયો અને જમ્મુ-કાશ્મીરમાં આવી ઘણી મોટી ઘટનાઓ બનતી હતી. પહેલા સુરક્ષા દળોને વિશેષ સત્તા આપવામાં આવતી હતી, પરંતુ હવે યુવાનોને તેમના વિકાસ માટે વિશેષ સત્તા આપવામાં આવી છે. તેનાથી હિંસા ઘટી છે. તેમણે કહ્યું કે છેલ્લા આઠ વર્ષમાં પૂર્વોત્તર રાજયો, જમ્મુ-કાશ્મીર, નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં સુરક્ષાની સ્થિતિમાં સુધારો થયો છે.

ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું કે, ભારત આંતરિક સુરક્ષા, સરહદો પર સંપૂર્ણ સુરક્ષા સુનિશ્ચિત કરીને સર્વાંગી વિકાસના તેના લક્ષ્ય તરફ આગળ વધશે. તેમણે કહ્યું, 'હું દરેકને ખાતરી આપવા માંગુ છું કે પોલીસકર્મીઓનું બલિદાન વ્યર્થ નહીં જાય, કોઈપણ કિંમતે દેશની સુરક્ષા સુનિશ્ચિત કરશે.' આંતરિક સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય સરહદોની રક્ષા કરતી વખતે ૩૫,૦૦૦ પોલીસ જવાનોએ પોતાનો જીવ આપ્યો.

## વડાપ્રધાન મોદીએ કેદારનાથ મંદિરમાં પૂજા કરી



દહેરાદુન,તા.૨૧

પ્રધાનમંત્રી બન્યા બાદ વડાપ્રધાન મોદી છઠ્ઠી વખત ઉત્તરાખંડની મુલાકાત લેવા પહોંચ્યા છે. પીએમ મોદી સવારે લગભગ સાડા ૮ વાગે કેદારનાથ મંદિર પહોંચ્યા હતાં. અહીં પીએમ મોદીએ કેદારબાબાની પૂજા અર્ચના કરી. આ ઉપરાંત તેમણે શિવનો રુદ્રાભિષેક પણ કર્યો. ત્યારબાદ કેદારનાથ રોપવે પ્રોજેક્ટની આધારશિલા રાખી હતી વડાપ્રધાને આદિ ગુરુ શંકરાચાર્યની સમાધિના દર્શન પણ કર્યા. આ મુલાકાત દરમિયાન તેઓ મંદાકિની અને સરસ્વતી નદીના કિનારે ચાલી રહેલા વિકાસ કાર્યોની પણ સમીક્ષા કરી હતી.

પીએમ મોદી હિમાચલના ખાસ ચોલા ડોરા ડ્રેસમાં જોવા મળ્યા છે.

જેને ચાંબાની એક મહિલાએ પોતાના હાથે બનાવ્યો છે.બંને કેદારનાથ અને બદ્રીનાથ મંદિરોમાં ફૂલોના ઘણા ક્વિન્ટલથી શણગારવામાં આવ્યા હતાં. પીએમ મોદીએ કેદારનાથ મંદિરની બહાર તેમને મળવા આવેલા લોકોને શુભેચ્છા પાઠવી. વડાપ્રધાન મોદીએ લગભગ અડધો કલાક મંદિરમાં પૂજા કરી. પીએમ મોદી કેદારનાથ બાબાની પૂજા કરી છે.

## હિમાચલની ચુંટણીમાં આ વખતે ત્રણ દિગ્ગજ જોવા મળશે નહીં

શિમલા,તા.૨૧

હિમાચલ પ્રદેશનું હવામાન ઠંડુ રહેવાની સાથે જ રાજકીય પારો પણ વધતો જઇ રહ્યો છે. ૧૨ નવેમ્બરે યોજાનાર વિધાનસભા ચુંટણીને ધ્યાનમાં રાખી રાજકીય પાર્ટીઓમાં ગરમી આવી ગઇ છે. ભાજપ પોતાની સત્તા બચાવી રાખવાની ફિરાકમાં છે તો કોંગ્રેસ વાપસી માટે બેતાબ છે.જો કે હિમાચલના પાંચ દાયકાના રાજકીય ઈતિહાસમાં પહેલીવાર રાજયના ત્રણ મોટા નેતાઓ વગર વિધાનસભા ચુંટણી થઇ રહી છે.વીરભદ્ર સિંહ,પ્રેમકુમાર ધૂમલ અનો શાંતાકુમાર આ વખતે રાજકીય મેદાનમાં જોવા મળશે નહીં

ભાજપ માટે હિમાચલમાં પહેલી ચુંટણી છે જયારે બે મોટા દિગ્ગજ નેતાઓ વિના કોંગ્રેસનો સામનો કરવો પડી રહ્યો છે.શાંતા કુમાર અને પ્રેમકુમાર ધૂમલ હિમાચલની રાજનીતિમાં ભાજપના દિગ્ગજ નેતા રહ્યાં છે ભાજપના બંન્ને દિગ્ગજ નેતા હિમાચલના મુખ્યમંત્રી રહી ચુકયા છે પાર્ટીએ પોતાના આ બંન્ને નેતાઓને માર્ગદર્શકની ભૂમિકામાં રાખ્યા છે અને યુવા નેતૃત્વના સહારે ચુંટણી મેદાનમાં ઉતરી છે.જયારે કોંગ્રેસના સૌથી મોટા ચહેરા અને છવાર મુખ્યમંત્રી રહેલ વીરભદ્રસિંહનું નિધન થયું છે. હિમાચલમાં કોંગ્રેસ પોતાના દિગ્ગજ નેતા વિના ચુંટણી મેદાનમાં સત્તાની વાપસી માટે પ્રયાસ કરી રહી છે આવામાં કોંગ્રેસનું સુકાન ભલે જ વીરભદ્ર સિંહની પત્ની પ્રતિભા સિંહ સંભાળી રહ્યાં હોય પરંતુ પાર્ટી સામૂહિક નેતૃત્વમાં ચુંટણી લડી રહી છે.આવામાં માનવામાં આવી રહ્યું છે કે હિમાચલમાં પીઢી પરિવર્તન થયા બાદ બંન્ને મોટા રાજકીય પક્ષો પોતાની નવી પેઢીના નેતાઓના વિશ્વાસે ચુંટણી કિસ્મત અજમાવી રહ્યાં છે તેને હિમાચલની રાજનીતિમાં નવા યુગની શરૂઆત તરીકે જોવામાં આવી રહી છે.ગત વિધાનસભા ચુંટણી ભાજપે પૂર્વ મુખ્યમંત્રી પ્રેમકુમાર ધૂમલના નામે વડી હતી અને ભાજપને સત્તામાં આવી હતી જો કે ખુદ ધૂમલ સુજાનપુર વિધાનસભા બેઠક પરથી હારી ગયા હતાં આવામાં હિમાચલના મુખ્યમંત્રીનો તાજ જયરામ ઠાકુરને સોંપવામાં આવ્યા હતાં. ત્યારબાદથી ધુમલની રાજનીતિ ધીમે ધીમે કિનારે થવા લાગી અને ઠાકુરની શક્તિ વધવા લાગી પાંચ વર્ષ સુધી મુખ્યમંત્રી રહ્યાં બાદ ઠાકુરે ફકત જનતા જ નહીં પાર્ટીના વરિષ્ઠ નેતૃત્વની વચ્ચે વિશ્વાસ બનાવ્યો છે. આ વખતે પ્રેમકુમારને ટિકિટ આપવામાં આવી નથી ધૂમલની ઉમર ૭૮ વર્ષ થઇ ગઇ છે અને આવામાં તેમની રાજનીતિક યાત્રા પર વિરામ લાગવાની ભવિષ્યવાણી થવા લાગી છે.

## તંત્રી સ્થાનેથી...

# ચીનથી સાવધાન રહેવાનો સમય

*ચીનના સૌથી મોટા રાજનૈતિક આયોજનમાં રાષ્ટ્રપતિ શી જિનપિંગનું સંબોધન કોઈ હઠાગ્રહી સમ્રાટ જેવું હતું. તેમણે સત્તાવાહી સૂરમાં કહયું હતું કે, ચીન સામેના મુખ્ય મુદ્દાઓ પરથી પીછેહઠ કરવાનો તેમનો કોઈ ઈરાદો નથી. જેમાં શૂન્ય કોવિડ નીતિથી લઈને તાઈવાન, ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન અને ચીની પ્રભુત્વવાદી ધર્મ જેવા મુખ્ય એજન્ડા સામેલ છે. બેવડી નીતિના નિવેદનો આપનાર ચીનના રાષ્ટ્રપતિનો એ સ્પષ્ટ નિર્ણય જોવા મળે છે કે,તેઓ ચીનને નવા યુગમાં લઈ જઈ રહ્યા છે.*

*ચીનના થેન આનમન ચોક સ્થિત ધ ગ્રેટ હોલ ઓફ ધ પીપલમાં કમ્યુનિસ્ટ પાર્ટી કોંગ્રેસમાં ૨ હજારથી વધુ પ્રતિનિધિઓની સામે લગભગ બે કલાક સુધી શી જિનપિંગનું સંબોધન મહત્વના મુદ્દાઓના કેન્દ્રસ્થાને રહ્યું હતું. કારણ કે તેઓ ચીનમાં સતત ત્રીજો કાર્યકાળ સંભાળવા જઈ રહ્યા છે, જે માઓ જેવા કદાવર નેતાની હરોળમાં સામેલ થવા જેવી બાબત છે. જો કે પોતાને પ્રતિબંબિત કરવામાં જિનપિંગને ઝાઝી મહેનત કરવાની જરુર રહેતી નથી. પરંતુ હવે સૌની નજર જિનપિંગના આગામી ૫ વર્ષના એજન્ડા પર રહેશે.*

*જેમાં મુખ્યત્વે ચીનના ભવ્ય કાયાકલ્પ સહિતની અનેક મહત્વકાંક્ષી યોજનાઓ હશે. જેના પ્રચારથી જિનપિંગ પોતાના શાસનને વધુ મજબૂત દેખાડવાનો પ્રયાસ કરશે. જો કે તેમાં કોઈ સંદેહ નથી કે ચીની કમ્યુનિસ્ટ પાર્ટી નેતૃત્વ ખાસ કરીને જિનપિંગ માટે તાઈવાનથી અધિક મહત્વપૂર્ણ મુદ્દો હાલમાં અન્ય કોઈ નથી. તેમને સૌથી વધુ વાહવાહી ચીનના એકીકરણ અને ચીની રાષ્ટ્રના કાયાકલ્પની વાત પર મળી હતી. જિનપિંગે જણાવ્યું હતું કે, ઈતિહાસનું પૈડું આ દિશામાં ફરી રહ્યું છે અને કોઈપણ સંદેહ વિના રાષ્ટ્રને સંપૂર્ણ એકીકરણનો આકાર આપવામાં આવશે.*

*જિનપિંગે એ સંકેત પણ આપ્યો હતો કે, આ મામલે કોઈ ઢીલાશ દાખવવામાં નહીં આવે અને કોઈપણ પ્રકારના વિરોધ સામે સખ્તાઈપૂર્વક કાર્યવાહી કરાશે. તાઈવાનની આઝાદીનો વિરોધ અને પોતાની રાષ્ટ્રીય સંપ્રભુતા તથા ભૌગોલિક અખંડતાને જોડીને તેઓએ કહયું હતું કે, નવા યુગમાં તાઈવાનના મુદ્દાને સુલઝાવવા માટે આપણે સમગ્ર રણનીતિ સાથે આગળ વધવું પડશે. તેની સાથે વિનિમય અને સહયોગ વધારવો તથા તાઈવાનની આઝાદી મામલે બહારની તાકાતોને જુસ્સાભેર પડકારવાની છે. જેથી ચીન તાઈવાનમાં પણ પોતાનું પ્રભુત્વ અખંડ રાખી શકે.*

*ઉલ્લેખનીય છે કે જિનપિંગે વારંવાર વિશ્વના અન્ય દેશોને પડકારની ભાષામાં કહયું છે કે, તાઈવાનને મળનારી કોઈપણ વિદેશી મદદનો સફાયો કરવા ચીની સેના સક્ષમ છે. તાઈવાન પર ચીનનું દબાણ વધવા સાથે તાઈવાનના લોકોનો જુસ્સો તોડવા માટે પણ જિનપિંગના ઈશારે સેના દ્વારા અનેક પ્રકારે હૂમલા કરવામાં આવી રહ્યા છે.*

*જિનપિંગના સંબોધન સામે તાઈપેએ કડક આલોચના કરતા કહયું હતું કે, તાઈવાનનો એજન્ડા દૃઢ છે અને તે રાષ્ટ્રીય સંપ્રભુતા મામલે પીછેહઠ નહીં કરે. લોકતંત્ર અને સ્વતંત્રતા સાથે કોઈ પ્રકારની સમજૂતિ નહીં કરાય. બંને પક્ષો માટે યુદ્ધ સિવાય કોઈ વિકલ્પ નથી. જેને તાઈવાની લોકોની સર્વસંમતિ ગણાવવામાં આવી રહી છે.*

કાવ્ય/ગઝલ

પ્રગટાવે દીપ વીજુડી, કારણ તું શોધ;  
ફોડે ફલક ફટાકડા, એ કારણ તું શોધ.  
કારતકે અષાઢ કેમ, કારણ તું શોધ;  
કેવી છે કમઠાણ, એ ભારણ તું શોધ.  
પ્રદૂષણ છે પ્રવર્તમાન, કારણ તું શોધ;  
કોરોના લે.વિદાયમાન, એ મારણ તું શોધ.  
કોપ છે કે કસોટી, ઝટ કારણ તું શોધ;  
અતિશયોક્તિ છે તારી, એ તારણ તું શોધ.  
આખરે રૂઠી કુદરત કેમ, કારણ તું શોધ;  
ઘડો છલકાય નહીં, એ વારણ તું શોધ.

વિજય પટેલ 'પથિક'  
સી.આર.સી.કરંજ તા.ઓલપાડ

વાલામુઇ દિવાળી  
કોઇ મહારાણીના,  
આગમનની  
તૈયારીમાં  
લેફ્ટરાઇટ કરી.  
માળિયા, ખાળિયા,ગાળિયા  
સાફ કર્યા.  
માંડ-છાજલી પરના વાસણો,  
ઇંટના ભુકકા-લીંબુથી,  
પદમણીના મુખમકમળ જેવા ચમકાવ્યા.  
લુગડાલત્તા,તોરણ,રંગો,  
ફટાકડા,મીઠાઇ,દીવાની ખરીદી કરી.  
મઠિયા, નમકીન, મેસુબ મોહનથાળ બનાવતા હાથ દુખાડયા.  
દોડાદોડ કરી.  
પગ વાળીને જંપ્યા નહીં.  
કેટલી હડબડાટ,  
કેટલો સ્ટ્રેસ,  
કોના માટે?  
કો' મહારાણીની જેમ આવી,  
ગર્વિષ્ઠ માનુની જેમ અકડાઇથી આવી.  
નજર કરી ન કરી.  
હાથ ન મિલાવ્યા!  
રામ રામ ન કર્યા.  
સુવાણ્ય ન કરી,  
છાશ્યું ન પીધી,  
ને સડસડાટ ચાલતી પકડી.  
વાલામુઇ દિવાળીએ  
આકાશમાં ચમકતી વીજળી જેમ ચાલતી પકડી!!!

ભરત વૈષ્ણવ  
૨૧.૧૦.૨૦૨૨.# કવિતા

# હિન્દુધર્મના પ્રસિદ્ધ બાર સંવાદ-૨



હિન્દુ ધર્મમાં વિશ્વના એવા બે મહાનુભાવો વચ્ચે થયેલ પ્રસિદ્ધ સંવાદને વાંચીને-સાંભળીને લાખો લોકોનું જીવન બદલાયું છે અને તેને વાંચીને દુનિયાભરના રાજનીતિજ્ઞો, વૈજ્ઞાનિકો,આધ્યાત્મિક અને દાર્શનિકોએ પોતાના અલગ ધર્મદર્શન,નીતિ અને વિજ્ઞાનના સિદ્ધાંતો બનાવ્યા છે.આપણે પણ તે સંવાદોને વાંચીશું તો અમારી જીંદગીમાં શાંતિ,દ્રઢતા,નિર્ભિકતા અને બુદ્ધિનો વિકાસ થશે.

બીજો સંવાદ:શ્રીકૃષ્ણ-અર્જુન સંવાદ..હિન્દુ ધર્મનો એકમાત્ર ધર્મગ્રંથ વેદ છે.વેદોના ચાર ભાગ છે. ઋગ્વેદ યર્જુવેદ સામવેદ અને અથર્વવેદ.વેદોનો સાર ઉપનિષદો છે અને ઉપનિષદોનો સાર શ્રીમદ ભગવત ગીતા છે.ઉપનિષદોની સંખ્યા એક હજાર કરતાં વધુ છે તેમાં ૧૦૮ ઉપનિષદ મુખ્ય છે.ગીતાનું જ્ઞાન ભગવાન શ્રીકૃષ્ણે અર્જુનને કુરૂક્ષેત્રના યુદ્ધના મેદાનમાં આપ્યું હતું.આવો સમગ્ર ગીતાસાર જોઈએ..

(૧)સાંસારીક મોહના લીધે જ મનુષ્ય હું શું કરૂં અને શું ના કરૂં? આવી દુવિધામાં ફસાઇને કર્તવ્યચ્યુત થઇ જાય છે એટલે મોહ અથવા સુખની આસક્તિને વશીભુત ના થવું જોઇએ..શરીર નાશવાન છે અને તેને જાણનાર અશરીરી અવિનાશી છે.આ વિવેકને મહત્વ આપવું અને પોતાના કર્તવ્યનું પાલન કરવું..આ બન્નેમાંથી કોઇ એક અપનાવવાથી ચિન્તા-શોક દૂર થાય છે.

નિષ્કામભાવપુર્વક ફક્ત બીજાના હિતના માટે પોતાના કર્તવ્યનું પાલન કરવાથી જ કલ્યાણ થાય છે.. કર્મ બંધનથી છુટવાના બે ઉપાય છે:કર્મના તત્વને જાણીને નિસ્વાર્થભાવથી કર્મ કરવું અને તત્વજ્ઞાનનો અનુભવ કરવો..મનુષ્યએ અનુકૂળ-પ્રતિકૂળ પરિસ્થિતિઓ આવવા છતાં સુખી કે દુ:ખી ના થવું જોઇએ કારણ કે તેનાથી પ્રભાવિત થનાર મનુષ્ય સંસારમાં ઉંચો ઉઠી પરમ આનંદનો અનુભવ કરી શકતો નથી.

કોઇપણ સાધનથી અંતઃકરણમાં સમતા આવવી જોઇએ.સમતા આવ્યા વિના મનુષ્ય નિર્વિકલ્પ થઇ શકતો નથી.. તમામ પ્રભુરૂપ છે..આવો સ્વીકાર કરવો સર્વશ્રેષ્ઠ સાધન છે..અંતકાળે જેવું ચિંતન અનુસાર જ જીવની ગતિ થાય છે એટલે મનુષ?યએ હરદમ ભગવાનનું સ્મરણ કરતાં કરતાં પોતાના કર્તવ્ય કર્મોનું પાલન કરવું જોઇએ જેનાથી અંતકાળે ભગવાનની સ્મૃતિ રહે.

તમામ મનુષ?ય ભગવત્પ્રાપ?તિના અધિકારી છે પછી તે ગમે તે વર્ણ આશ્રમ દેશ વગેરે ના કેમ ના હોય? સંસારમાં જયાં પણ વિલક્ષણ વિશેષતા સુંદરતા મહત્તા બલવત્તા વગેરે જોવા મળે તેને ભગવાનનું જ માનીને ભગવાનનું ચિન્તન કરવું જોઇએ..આ જગતને ભગવાનનું સ્વરૂપ માનીને પ્રત્યેક મનુષ?ય ભગવાનના વિરાટ સ્વરૂપનાં દર્શન કરી શકે છે..જે ભક્ત શરીર ઇન્દ્રિયો,મન-બુધ્ધિ સહીત પોતે પોતાને ભગવાનને અર્પણ કરી દે છે તે ભગવાનને પ્રિય થાય છે.

સંસારમાં એક પરમતત્વ જ જાણવા યોગ્ય છે તેના જાણ્યા પછી અમરતાની પ્રાપ?તિ થાય છે.. સંસાર બંધનથી છુટવા માટે સત્વ રજ અને તમ..આ ત્રણ ગુણોથી અતિત થવું જરૂરી છે.અનન્ય ભક્તિથી મનુષ્ય આ ત્રણ ગુણોથી રહીત થઇ શકે છે..આ સંસારનો મૂળ આધાર અને અત્યંત શ્રેષ્ઠ પરમ પુરૂષ એક પરમાત્મા જ છે..એવું માનીને અનન્યભાવથી તેમનું ભજન કરવું જોઇએ..દુર્ગુણ-દુરાચારોથી મનુષ?ય ચૌરાશી લાખ યોનિઓ તથા નરકોમાં જાય છે અને દુ:ખ પામે છે એટલે જન્મ-મરણના ચક્કરમાંથી છુટવા માટે દુર્ગુણ-દુરાચારોનો ત્યાગ કરવો પરમ આવશ્યક છે..મનુષ્ય શ્રધ્ધાપૂર્વક જે પણ શુભ કર્મ કરે તેને ભગવાનનું સ્મરણ કરીને જ શુભારંભ કરવો જોઇએ.

તમામ ગ્રંથોનોનો સાર વેદ છે,વેદોનો સાર ઉપનિષદ છે,ઉપનિષદોનો સાર ગીતા છે અને ગીતાનો સાર ભગવાનની શરણાગતિ છે.જે અનન્યભાવથી ભગવાનનું શરણ લે છે તેને ભગવાન તમામ પાપોમાંથી મુક્ત કરી દે છે.

કર્મની વ્યાખ્યા સમજાવતાં ગીતા આપણને શિખવાડે છે કે વ્યવહારમાં મનુષ્યનું જીવન કેવું હોવું જોઇએ? અસત્ય બોલવું,લાલચ અને મોહમાં પડીને પોતાના નજીકના સબંધીઓ-મિત્રોને અયોગ્ય સલાહ આપવી અને ધર્મના વિરૂદ્ધ આચરણ કરવાથી મનુષ્યનું એકલાનું નહી પરંતુ સમગ્ર કૂળના નાશનું કારણ બને છે.ગીતાજીની આજ્ઞાઓને ભગવાનની આજ્ઞા સમજવી,ગીતાથી અધિક કોઇ શાસ્ત્ર નથી,તેની મહત્તા વેદ કરતાં વધુ છે તેનું અર્થ અને ભાવસહિત મનન કરવું.ગીતા અમોને આસક્તિ-અહંતા-મમતાનો ત્યાગ શિખવે છે.

વર્તમાન સમયમાં કોઇની પાસે એટલો સમય નથી કે વેદો અને ઉપનિષદોને વાંચી શકે તેમના માટે શ્રીમદ ભગવત ગીતા સૌથી ઉત્તમ ધર્મગ્રંથ છે.મહાભારતના ભિષ્મ પર્વમાં ભગવતગીતા આવે છે.ગીતાને સારી રીતે સમજવાથી આપણી સમજણમાં સુધારો થાય છે.ધર્મ-કર્મ,યોગ-સૃષ્ટિ, યુદ્ધ-જીવન-સંસાર વગેરેની જાણકારી થાય છે.સત્ય અને અસત્યની ઓળખાણ થવા લાગે છે.જેને જીવનમાં શ્રીમદ ભગવત ગીતા વાંચી નથી તે હિન્દુ ધર્મ વિશે ખોટી માન્યતાઓમાંથી બહાર આવી શકતો નથી.

શ્રીમદ ભગવદ ગીતા સમગ્ર વિશ્વમાં એકમાત્ર ધર્મગ્રંથ છે જેની છેલ્લાં ૫૧૨૧ વર્ષથી જન્મજયંતી ભારતભરમાં શ્રદ્ધાપૂર્વક ઉજવવામાં આવે છે.માનવીના જીવનનું એકપણ ક્ષેત્ર એવું નથી કે જેમાં ગીતાજ્ઞાન ઉપયોગી ન બનતું હોય.ગીતા એટલે ભગવાને ગાયેલું ગીત.મહાભારતના કુલ અઢાર પર્વ છે જેમાં છઠ્ઠું ભીષ્મપર્વ છે તેના અધ્યાય નંબર ૨૫ થી ૪૨ના કુલ આઠ અધ્યાય એટલે જ ગીતા.

ગીતામાં કુલ સાતસો શ્લોક છે જે પૈકી ૫૭૫ શ્લોક ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા છે.૮૫ શ્લોક અર્જુન બોલ્યા છે,૩૯ શ્લોક સંજય અને માત્ર એક શ્લોક ધૃતરાષ્ટ્ર બોલ્યા છે.ગીતાના ૧૮ અધ્યાય છે,૭૦૦ શ્લોક છે,૯૪૧૧ શબ્દો છે,૨૪૪૪૭ અક્ષરો છે.આખી ગીતામાં હિંદુ શબ્દ એક પણ વખત આવતો નથી તે હિંદુ ધર્મનો ધર્મગ્રંથ હોવા છતાં પણ એ જ સાબિત કરે છે કે ગીતા વૈશ્વિક ધર્મગ્રંથ છે.ગીતા એ એવો એક ધર્મગ્રંથ છે જેનો અનુવાદ ભાષાંતર વિશ્વની તમામે તમામ ભાષાઓમાં થયું છે.

ગીતાનો સાર છે ત્યાગ.જે આસક્તિનો ત્યાગ કરે છે તે જ પ્રભુને પામી શકે છે.મહાત્મા ગાંધીજીએ એટલે જ ગીતા વિશે જે પુસ્તક લખ્યું છે તેનું નામ અનાસક્તિ યોગ આપ્યું છે.

ગીતામાં યોગ શબ્દ ૯૯ વખત આવે છે,ગીતામાં કુલ ૮૦૧ વિષયોનું વર્ણન છે.ગીતામાં કુલ ૨૩૪ વિભૂતિઓનું વર્ણન છે.ગીતામાં કુલ નેવું વ્યક્તિઓનાં નામોનો ઉલ્લેખ છે.ગીતામાં આત્મા શબ્દ ૧૩૬ વખત, જ્ઞાન શબ્દ ૧૦૮ વખત,યોગ શબ્દ ૯૯ વખત,બુદ્ધિ અને મન ૩૭ વખત,બ્રહ્મ શબ્દ ૩૫ વખત,શાસ્ત્ર શબ્દ ૪ વખત, મોક્ષ શબ્દ ૭ વખત,ઈશ્વર-પરમેશ્વર શબ્દ ૬ વખત અને ધર્મ શબ્દ ૨૯ વખત આવે છે.

સમગ્ર ગીતાસાર અધ્યાય-૨માં આવી જતો હોવાથી તેને એકાધ્યાયી ગીતા કહેવામાં આવે છે. અધ્યાય-૮/૯,૮/૧૩, ૯/૩૪, ૧૧/૩૬, ૧૩/૧૩, ૧૫/૧ અને ૧૫/૧૫=આ ૭ શ્લોકને સપ્તશ્લોકી ગીતા કહે છે. ગીતાના ૧ થી ૬ અધ્યાયમાં કર્મ, ૭ થી ૧૨ અધ્યાયમાં ભક્તિ અને ૧૩ થી ૧૮ અધ્યાયમાં જ્ઞાનનો વિશેષ મહિમા છે.

ધર્મની એકપણ ગૂંચવણ એવી નથી કે જેનો ઉકેલ ગીતામાં ના હોય.સમગ્ર વિશ્વમાં ગીતા એ એકમાત્ર એવો ધર્મગ્રંથ છે જેની ભક્તો વિધિસર પૂજા કરે છે.

ગીતા વિશે લખેલ ભાષ્ય જોઇએ તો..મહાત્મા ગાંધીજી-અનાસક્તિ યોગ, વિનોબા ભાવે-ગીતા પ્રવચનો,પાંડુરંગ આઠવલેજી-ગીતામૃતમ, એ.સી.ભક્તિ વેદાંત-ગીતા તેના મૂળરૂપે, સ્વામી સચ્ચિદાનંદજી-ગીતાજીનું ચિંતન,કિશોરલાલ મશરૂવાળા-ગીતા મંથન, પંડીત સાતવલેકરજી-ગીતાદર્શન,ગુણવંત શાહ-શ્રીકૃષ્ણનું જીવન સંગીત,શ્રી અરવિંદ-ગીતા નિબંધો, રવિશંકર મહારાજ-ગીતા બોધવાણી અને કાકા કાલેલકર-ગીતાધર્મ.

તજજ્ઞોની દ્રષ્ટિએ ગીતાનો સૌથી શ્રેષ્ઠ મંત્ર અઢારમા અધ્યાયનો છાસઠમો શ્લોક છે જેમાં શ્રીકૃષ્ણ સ્વયં પોતાના મુખેથી જણાવે છે કે હું તને સર્વ પાપોથી છોડાવીશ તેમાં તું સહેજ પણ શોક ન કર.ગીતાનો સાર પણ આ જ શ્લોકમાં છે એટલે કે વિશ્વાસ એ જ વિશ્વનો શ્વાસ છે.

ઘણા એવી શંકા કરે છે કે યુદ્ધના મેદાનમાં આટલી લાંબી ૭૦૦ શ્લોકોવાળી ગીતા માટે કેટલો બધો સમય લાગ્યો હશે પણ આ શંકાનું પણ નિવારણ છે.ગીતાનો એક શ્લોક ગાવામાં આવે તો માત્ર દસ સેકન્ડ લાગે છે.આ હિસાબે આખી ગીતા વાંચતા માત્ર બે કલાક જ થાય છે.આ તો પદ્યની વાત છે જ્યારે યુદ્ધના મેદાનમાં તો શ્રીકૃષ્ણ–અર્જુનનો સંવાદ ગદ્યમાં થયો હતો જેથી આવી સમય મર્યાદાની શંકા અસ્થાને છે.

જ્યારે આપણે મુશ્કેલીમાં હોઇએ કોઈ રસ્તો સૂઝતો ના હોય,ચારે તરફથી નિરાશા જ મળી હોય ત્યારે ગીતા માતાના શરણે જાવ.ગીતા હાથમાં લો.મહાત્મા ગાંધીજી ખુદ કહેતા મુશ્કેલીમાં હું ગીતામાતાના શરણે sô Awt.Gita is not the Bible of Hinduism but It is the Bible of Humanity શ્રીમદ ભગવદ ગીતા ફક્ત હિંદુઓનો જ ધર્મ નથી પરંતુ માનવતાનો ગ્રંથ છે એમ કહીને તત્વ ચિંતકો ગીતાનો મહિમા ગાય છે.

વિનોદભાઇ માછી નિરંકારી  
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# ચાલો ફટાકડાના પેકેટના ફોટા બદલીએ




તડતડીયા ફૂલઝરના તણખાની જેમ તડતડતડ થતો થતો રાજુ રદી મારા ઘરે આવ્યો. માનો કે ભોંયચકરી સળગતાં સળગતાં અન્યત્ર ફંટાઇ જાય તેમ પ્રવેશ્યો!!

" ગિરધરભાઇ. તમને ફટાકડાંનો કેવો શોખ છે?" રાજુ રદીએ ઓવરનો પહેલો બોલ ફેંક્યો. બોલ ગુડલેન્થ હતો. મેં માત્ર બેટથી પુશ કર્યું.

" રાજુ.ખાસ નહીં . કેમ તે આવો સવાલ કર્યો?"મેં પૂછયું

તમે ફટાકડા ખરીદ કર્યા તો માર્ક કર્યું હશે કે ફટાકડાના પેકેટ પર કોના ફોટા લગાવ્યા હશે!!" રાજુએ મૂળ મુદા પર આવ્યા વિના આડીઅવળી માહિતી માંગવાનું શરૂ કર્યું.

"રાજુ કાં તો કેટરીના કૈફ, માધુરી દીક્ષિત કે કોઇ હીરોઇનના ફોટા કે લક્ષ્મીદેવી કે અન્ય કોઇ માતાજીના ફોટા હોય!મારું હાળું એ સમજાતું નથી કે સર્કસના પોસ્ટરમાં. બિકિનીગર્લ્સના ફોટા હોય તેવા સ્વિમસુટ પહેરેલી બાળાઓના ફોટા ફટાકડાના પેકેટ પર શું કામ છાપતા હશે?" મેં રાજુને જવાબ આપ્યો.

"ગિરધરભાઇ. ફટાકડાના પેકેટ પર માતાજીના ફોટા બાબતે કોઇ વિરોધ કે માતાજીનું અપમાન થતું હોય તેવું લાગ્યું છે?" રાજુએ ગોદી મિડિયા જેવો વિવાદાસ્પદ સવાલ કર્યો.

"ફટાકડાના પેકેટમાં દેવીદેવતાના સુરૂચિપૂર્ણ ફોટા કે તેવા જ ફોટા આપણા મંદિરો કે પૂજા સ્થાનમાં હોય તો તેમાં આળા થવાની શું જરૂર છે? ફિલ્મવાળા લક્ષ્મીબોંમ્બ જેવી ફિલ્મ બનાવે અને સેન્સર બોર્ડે મંજૂર કરી હોય પછી જનતા સેન્સર બોર્ડની શું જરૂર છે?" મેં રાજુને વાસ્તવવાદી સવાલ પૂછ્યો.

"ગિરધરભાઇ . આજકાલ થનગનભૂષણોની સંખ્યા વધતી જાય છે એમના ડીએનએમાં લોહીની જગ્યાએ વાંધો વિરોધ ફરે છે. કોઇને કોઇ બાબતનો સાર્થક કે નિરર્થક વાંધો ન ઉઠાવે તો તેમને ભોજન પચતું નથી.વેલેન્ટાઇન ડે નો વિરોધ કરનાર બજરંગબલીના જન્મદિવસે લાડુની જગ્યાએ વિલાયતી કેક કાપવામાં વાંધો નથી આવતો. સ્વદેશીની ચળવળ કરનારને પિત્ઝા વિદેશી લાગતો નથી. સ્વદેશીના મોબાઇલ, લેપટોપ, ટીવી , રેજર, ટુથપેસ્ટનો છોછ નથી. બિસ્કિટ વિદેશી હોય તો સ્વદેશીના બનીબેઠેલા બ્રાંડ એમ્બેસેડર લાલા રામદેવ પણ બિસ્કિટ, નુડલ્સ, નુટેલા બનાવે છે. અરે ભાઇ સુખડી, શીરો કે સત્તુ બનાવીને વેચોને? વિદેશી વિષને બદલે સ્વદેશી વિષના બદલે સ્વદેશી અમૃતનું ઉત્પાદન અને માર્કેટિંગ કરોને??" રાજુ સાંપ્રત પરિસ્થિતિથી બરાબર અકળાયો હતો.

રાજુ સ્વદેશીના નામે પોતાની ચીજો વેચતા લાલા રામદેવને ઝંડું, ડાબર, વૈદ્યનાથ જેવી કંપની વિદેશી લાગે છે!!" મેં રાજુને આ મુદા પૂરતું સમર્થન આપ્યું.

"ગિરધરભાઇ . અમદાવાદમાં વેરી હરખપદુડા ( -ફૐવીએચપી) થનગનભૂષણો કીડીને કોશનો ડામ દે છે. ફટાકડાના પેકેટ પર દેવીદેવતાના ફોટો હોય તો તોડફોડ કરે છે, ધમકીઓ આપે છે, સનાતન ધર્મનું અપમાન સાંખી લેવામાં આવશે નહીં તેવી ચીમકી આપે છે. બીજી બાજુ ફેશનના નામે શરીર દેખાય તેવા લેટેસ્ટ ડિઝાઇનરવેરમાં સંસ્કૃતિનું મહિમામંડન થતું હોય તેમ લાગે છે!!રાજુએ બળાપો કાઢ્યો.

" રાજુ વેપારીઓ ફટાકડા બનાવતા નથી. બાજીરાવ પેશ્વાના કથન મુજબ ડાળી પાંદડા નહીં પણ થડ પર લક્ષ કેન્દ્રિત કરીને ફટાકડાં બનાવનાર કંપનીને દેવીદેવતાના ફોટા ન લગાડવા કહેવું જોઇએ. જો ફટાકડા પર દેવી દેવતાના ફોટા લગાડવાથી દેવીદેવતાની લાગણી ઘવાતી હોય તો તેમને કાર્યવાહી કરવા દો!! તમે શું કામ શકટનો ભાર શ્વાન તાણે જેવું કરો છો??" મેં તર્ક રજૂ કર્યો !!

" પણ સાહેબ, આપણે ફટાકડા પર નવા ફોટા ન લગાવી શકીએ?? આપણે ફટાકડા પર ભીંડા, ગુવાર, ટામેટા, બટાટા, ફુદીનો, કોથમીર, મોગરીના ફોટા લગાવીએ. કાં તો ક્રિકેટરો, એકટરો,વાહનોના ફોટા લગાવીએ. જો આ આઇડિયા સુરસુરીયું લાગે કે ગયા વરસના હવાઈ ગયેલ ફટાકડાં જેવો નકામો લાગે તો એક ધાંસુ આઇડિયા મારી પાસે છે. આપણે

જેમ કે ફૂલઝર પર માયાવતીનો ફોટો લગાડીએ. લવિંગિયા પર લાવું પ્રસાદનો ફોટો લગાડીએ. રોકેટ પર રાહુલ બાબાનો ફોટો. બોમ્બ પર યોગીજીનો ફોટો લગાવીએ. હીરા રે કોઠી પર મમતાનો ફોટો લગાવીએ. ચાંદલિયા પર નિર્મલા સીતારામનો ફોટો લગાવીએ.ખાંસતા સુરસુરીયા પર કેજરીવાલનો ફોટો ચિપકાવો. લાર્જ સાઇઝની કોઠી પર સ્મૃતિ ઈરાની સિવાય કોઇનો ફોટો લાગી જ શકે નહીં. ક્યાંક સ્ટાલિન કે નવજોતસિંહ સિધ્ધુનો ફોટો લગાડી દો. લો ઠોકો તાલી!!!!અથવા રમણલાલ નીલકંઠ( સરસ્વતી ચંદ્ર ફેઈમ , બ.,ક. ઠાકોર , નરસિંહરાવ દિવેટીયા, નર્મદ , ચંદ્રકાંત બક્ષી, બકુલ ત્રિપાઠી , વિનોદ ભટ્ટ , રમેશ પારેખ, અનિલ જોશી, પ્રિયકાંત મણિયાર, રાવજી પટેલ ,જયોતિન્દ્ર દવે વગેરેના ફોટા ન લગાવી શકીએ!?

પાંચ હજાર ટેટાની લર સળગાવીએને ફટાકડાની ધમાચકડી થાય એક બે આડાઅવળા, ઉંધાચત્તા,ત્રાંસાબાંગા ઉડાઉડ કરે તેમ રાજુ રદી આડાઅવળો થઇને તેના ઘરે ભાગ્યો.!!!!

ભરત વૈષ્ણવ  
૨૧.૧૦.૨૦૨૨.#  
હાસ્યલેખ

# હોસ્પિટલમાં ડેન્ગ્યુના દર્દીના પ્લેટલેટ્સ ઘટતા દવાની જગ્યાએ મોસંબીનું જ્યુસ ચઢાવતા મોત

પ્રયાગરાજ,તા.૨૧

પ્રયાગરાજમાં ડેન્ગ્યુના દર્દીને પ્લેટલેટ્સની જગ્યાએ મોસંબીનો જ્યુસ ચઢાવવાને કારણે દર્દી મરી ગયો હોવાના આરોપો લાગ્યા છે. આ ઘટના પ્રયાગરાજના ઝલવા વિસ્તારની છે. ડેન્ગ્યુ હોવાને કારણે પ્રદીપ કુમારને એક પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આરોપો લાગ્યા છે કે, દર્દીને પ્લેટલેટ્સની જગ્યાએ મોસંબીનું જ્યુસ ચઢાવી દેવામાં આવ્યું હતું, જેના કારણે તેની મોત થઈ ગઈ છે. ઘટના સોશિયલ મીડિયામાં વાઈરલ થતા હોસ્પિટલને સીલ કરી દેવામાં આવી છે.

પ્રદીપ કુમાર પાંડેના સાળા સૌરભ ત્રિપાઠીએ જણાવ્યું કે, પ્રદીપ કુમારના પ્લેટલેટ્સ ઘટવા લાગ્યા ત્યારે ડોક્ટરે તેને ૮ યુનિટ પ્લેટલેટ્સની વ્યવસ્થા કરવા કહ્યું. પરિવારજનો પાસેથી તેણે ૩ યુનિટ પ્લેટલેટ્સની વ્યવસ્થા કરી. જેનાથી પ્રદીપની હાલતમાં સુધાર આવ્યો હતો. પરંતુ બાકીની પાંચ યુનિટ પ્લેટલેટ્સ મળી શકી નહતી.

આ દરમિયાન હોસ્પિટલ બિલ્ડિંગના માલિકના પુત્ર સતીશ સાહુએ ૫ યુનિટ પ્લેટલેટની વ્યવસ્થા કરવાના બદલામાં તેમની પાસેથી ૨૫ હજાર રૂપિયાની માંગણી કરી હતી. હાર્યા બાદ પ્રદીપના પરિવારે સતીશ સાહુ પાસેથી પ્લેટલેટ્સના ૫ યુનિટ ૨૫૦૦૦ રૂપિયામાં ખરીદ્યા હતા, પરંતુ જ્યારે પ્રદીપને પ્લેટલેટ્સ ચઢાવવામાં આવી ત્યારે તેની હાલત બગડવા લાગી અને હોસ્પિટલ મેનેજમેન્ટે હાથ ઊંચા કરી દીધા. હોસ્પિટલ તરફથી પ્રદીપને બીજે ક્યાંક લઈ જવાનું કહેવામાં આવ્યું હતું.

પ્રદીપના પરિવારજનો ૧૮ ઓક્ટોબરે તેને બીજી ખાનગી હોસ્પિટલ લઈ ગયા, પરંતુ ત્યાં તેની હાલત વધારે ખરાબ થવા લાગી હતી. પ્રદીપની કિડની ડેમેજ થઈ ચૂકી હતી. ઘણી નસો પણ ફાટી ગઈ હતી. આ દરમિયાન ૨૫,૦૦૦ રૂપિયાથી ખરીદેલી પાંચ પ્લેટલેટ્સમાંથી વધેલી એક પ્લેટલેટ્સ તે બીજી ખાનગી હોસ્પિટલમાં બતાવી. ત્યારે ત્યાં ડોક્ટરે કહ્યું કે, આ પ્લેટલેટ્સ નથી, પરંતુ મોસંબીનું જ્યુસ અને કેમિકલનું મિશ્રણ છે.

પ્રયાગરાજમાં ડેન્ગયુ ફાટી નીકળ્યા પછી પ્લેટલેટ્સના બ્લેક માર્કેટિંગમાં વધારો થયો છે. લોકો મોસંબીના જ્યુસમાં કેમિકલ ભેળસેળ કરી પ્લેટલેટ્સની જગ્યાએ વેચી રહ્યા છે. આ દરમિયાન પ્રદીપની હાલત સતત બગડતી રહી અને ૧૯ ઓક્ટોબરના રોજ પ્રદીપનું મોત થયું હતું.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No -120
શબ્દ : દિવા સ્વપ્નું
પ્રકાર : અછાંદસ
શીર્ષક : શમણું
શબ્દો : ૧૫૦
શમણું
અનુભવે જાગતા જોયેલું શમણું,
લક્ષ્ય સિદ્ધ કરવા જોયેલું શમણું.
મને ભર રે નિદ્રામાં આવેલું શમણું,
મેઘલી રાતે આવેલું એક શમણું
આરાધ્ય દેવનું આવ્યું તું મને શમણું,
માવતર સમા દેવનું આયુ મને શમણું.
મને તાલાવેલી લાગી જોવા શમણું,
દ્રશ્યમાં દેખાયું માતાજીનું શમણુ.
દેવમંદિર એ જ હતું મારું શમણું,
એક ડોશીમા નજરે આયા એ શમણું.
સાક્ષાત્કાર મળ્યા મા એ મારું શમણું
સાચી શ્રદ્ધાનાં દર્શન થયા એ શમણું.
મને હરઘડી-હરપલે આવે રોજ શમણું,
મારી આશાઓનું આવતું રોજ શમણું.
ડગલેને પગલે માવલડીનું આવે શમણું,
મનના કોડ પુરા કરવા આવે મને શમણું.
હું તમારા ચરણોની રજ એ શમણું,
તમારા નામનું રટણ એ મારું શમણું,
તમારા મંદિરનાં દ્વારે આવ્યાનું શમણું,
દિવાસ્વપ્ન સફળ મા મેલડીનું શમણું.
મારા જીવનનો આધાર મા નું આયુ શમણું,
બેટા, જાગે છે એમ કહી આયુ મને શમણું,
મારા કૂળના કરતાં રખેવાળનુ આયુ શમણું ,
કલાડાના પાદરની મા મેલડીનું આયુ શમણું.
રત્નાબાની દેવનાં દર્શન મારું શમણું,
મારા અરમાનો એ જ મારું શમણું,
મા મેલડીએ સાકાર કર્યું મારું શમણું,
'રમા' તૃપ્ત થઈને દર્શન કર્યા એ શમણું.
રમીલાબેન ડી મકવાણા 'રમા'
લાડુલા તા ભાભર

---

NOG SS N0 . 0007
વિષય : દિવાસ્વપ્ન
પ્રકાર : ગદ્ય
શીર્ષક: એષણા
માન્યું કે છે સાથ તારો દિવાસ્વપ્ન સમાન,
છતાંય થાય એષણા? જન્મોજન્મ સાથે રહેવાની.
માન્યું કે છે સ્પર્શ તારો દિવાસ્વપ્ન સમાન,
છતાંય થાય એષણા? તને આલિંગનમાં સમાવવાની.
માન્યું કે છે તારો સ્વર દિવાસ્વપ્ન સમાન,
છતાંય થાય એષણા? મુજ સૂર તુજ સૂર સાથે મેળવવાની.
માન્યું કે છે તારો દિદાર દિવાસ્વપ્ન સમાન,
છતાંય થાય એષણા? રોજ તને એક નજર નિરખવાની.
કર્યો શું સ્નેહ તુજ સંગ,
જોડ્યું આખુંય આયખું જાણે દિવાસ્વપ્ન સંગ.
લેખિકા:આરતી અઢીયા મરચંટ
મુંબઈ : કાંદિવલી

---

NOG SS N0 : 0089
વિષય દિવા સ્વપ્ન
પ્રકાર : ગદ્ય
શીર્ષક શમણા
પ્રવિણા કડકિઆ
———-

શમણા સાચા પડતા જોયા છે. અથાગ પરિશ્રમની આવશ્યકતા છે . દિવા સ્વપ્ન , જે ખુલ્લી આંખે નિહાળ્યું હોય અને સાચું પડે ત્યારે ઉપરવાળા પર શ્રદ્ધા વધી જાય. જો કે તેના પર અપાર શ્રદ્ધા છે, એનાં બે મત નથી.

આ હાથ તેના હાથમાં મૂક્યો છે. જ્યારે તે છોડશે ત્યારે છૂટશે. " હું તો નથી છોડવાની. "

જીવન જીવવાની જડીબુટ્ટી , સ્વપ્નો જુઓ અને તેને પૂરા કરવા કમર કસો. સાચું કહું બહુ સ્વપ્નો આવતા નથી , સવારે ઊઠું ત્યારે? ભૂલૂ જવાય . તો પછી દિવા સ્વપ્ન કંઈ રીતે આવે? ` તો ખૂબી છે.

શેખચલ્લીના વિચારો આવે અને તેને પૂરા કરવા આંધળી દોટ મુકું. જેને હું દિવા સ્વપ્ન માનું છું . ઈશ્વર કૃપાથી તેમાં સરળતા પ્રાપ્ત થાય છે. ખૂબ લગનથી કામ કરું છું. ધીરજને વરું છું શ્રદ્ધા ગુમાવતી નથી.

ખબર છે ને તેના ઘરે દેર છે અંધેર નથી.

" અરમાની"ની ઢિંગલીઓ ખૂબ ગમતી. જ્યારે ખરીદવા જાંઉ ત્યારે ૫૦,ડોલર મોંઘી લાગે. તમે નહી માનો , સિરામિકના વર્ગ શરુ કર્યા , છ એવી ઢિંગલીઓ બનાવી. અમેરિકામાં " કમયુનિટિ સેંટર"માં મફત વર્ગો ચાલે , માત્ર એક ડોલર ઢિંગલી દીઠ

જે માટી વપરાઈ તેનો આપવો પડ્યો.

એ સેંટરોમાં દસ વર્ષથી મફતમાં યોગના વર્ગ ચલાવું છું. આ દેશે સમૃદ્ધિ

પ્રદાન કરી છે. ઋણ ફેડવાનો નાનો અમથો પ્રયાસ છે.

દિવા સ્વપ્ન હકીકત બંને ત્યારે ઉરમાં આનંદ છલકાઈ ઊઠે. સાચી વાત કહું છું . વર્ષોથી અનેક ભજનો શ્રીનાથજી પર લખ્યા છે. એક બંગાળી મિત્ર વાતવાતમાં કહે, પ્રવિણાજી આપકે લીખે હુએ ભજન આપ ગાઓગી ઔર આપ બજાઓગી".

તરત જવાબ આપ્યો. " સંધ્યાજી આપ ઈસકા મતલબ જાનતી હૈ"?

તો કહે હાં.

મને ખબર ન હતી એ સંગીતમાં "માસટરસ" છે.

૭૦ વર્ષની ઉંમરે મારું દિવા સ્વપ્ન હકીકત બન્યું . પૂરી ધગશથી શીખી. ગાઈને વગાડવું એ સરળ કામ નથી. કિંતુ સર્જનહારમાં વિશ્વાસ. રાસ લખ્યા ત્યારે સંગીતમાં ઢોળાવનું

દિવા સ્વપ્ન ૨૨ વર્ષે પૂરું થયું.યમરાજાનું
તેડું આવે એ પહેલા આ કાર્ય કરવાનો ઈરાદો હતો.
દિવા સ્વપ્ન જોવાનો અધિકાર સહુને છે.
પ્રવિણા કડકિયા

---

શિર્ષક :-દિવાસપ્ન/બાબુ સંગાડા×મહેક×
NOG SS N0 : 109
પ્રકાર :-પધ
ચિત્રો દોરવાનું છોડ
એની રેખાઓમાં અટવાઈ રહી,
હોય હિંમત તો ચાલી જો
દિવાસપ્ન જોવાનું બંધ કર.
બીજાની આંગળી ઝાલી ચાલે છે
રસ્તાઓ તને કયાં જડે છે?
તૂ ખૂદ આંધળો છે
ભ્રમમાં વિલસવાનું છોડ હવે.
આંખ ચડયા વલયો ઉતાર
તું રોગી લાગે
કોઈ પીળિયાનો
કાલ મશ્કરી થશે
મહેરામણ વચ્ચે
ચઢી નવરી બફાટ છોડ હવે.
અલ્પ સમય છે તારી પાસે
આયખાને વેડફયા વગર
ઊતરી પડ મધદરિયે
નૈ તો છેલ્લે ખાલી હોઈશ
દિવાસપ્નામાં!!

---

N.O.G.SS.NO.0026
વિષય - દીવાસ્વપ્ન
વિભાગ - પદ્ય ( મૌલિક વિચાર)
શીર્ષક - સોનેરી અસ્તાચલ.
રોજ મારી આંખોમાં આવીને કરે છે એ હાકલ...
ક્યાં પછી કદીયે સમીપે રહે છે એકેય પલ?
મને લાગે છે એક ઊંડું, સળગતું જાણે વડવાનલ જેવું!
સૂની પાંપણોમાં કોલાહલ જેવું!!
રોજ રોજ એનાં મીઠાં રણકારથી
મારાં એકાન્તને એ ભરી દે છે,
જાણે અડધી રાતે રણકતું છાનું- છપનું પાયલ જેવું..
શમણાંઓને ચોરીને રાતની કાળાશને ઘૂંટતું,
એક અણદીઠું, અધૂરું કાજલ જેવું..
રોજ સાંજ ઢળે સૂરજ આથમતાં વેંત જ,
દીવાસ્વપ્નનું ઘેલું લગાડતું આ મન મારું પાગલ જેવું..
રોજ આમજ ઘટતો મારો ઘટનાક્રમ,
રોજ દીવાસ્વપ્ન રુપે ઉગતો મારો સૂરજ,
આને સાથે રોજનું એજ ઢળતું, સોનેરી અસ્તાચલ જેવું..
અંજના ગાંધી 'મૌન'
વડોદરા

# એમસીએક્સે "ધી કોમોડિટી ઇનસાઇટ્સ યરબુક ૨૦૨૨" પ્રસિદ્ધ કરી

**જેમાં સેગમેન્ટ તરીકે 'એનર્જી' વિવિધ નીતિવિષયક પહેલો, ભલામણો અને ઊંડા દ્રષ્ટિકોણવાળા લેખોનો સમાવેશ થાય છે**




મુંબઈ: એમસીએક્સ ઈન્વેસ્ટર પ્રોટેક્શન ફંડ (એમસીએક્સ આઈપીએફ) અને નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ સિક્યુરિટીઝ માર્કેટ્સ (એનઆઈએસએમ) દ્વારા સંયુક્ત વાર્ષિક પ્રકાશન એવુ 'ધી કોમોડિટી ઈનસાઈટ્સ યરબુક ૨૦૨૨' પુસ્તક રજૂ કરવામાં આવ્યુ છે, જેનો હેતુ કોમોડિટી ડેરિવેટીઝ માર્કેટ અને સબંધિત પ્રોડક્ટ્સ વિશે વિવિધ હિસ્સાધારકોમાં સતર્કતા અને જાણકારી વધારવાનો છે.

યરબુકની આ આવૃત્તિ એક સેમગમેન્ટ તરીકે 'એનર્જી' પર ભાર મુકે છે અને તેમાં ઉભરતા પ્રવાહ વિભાગમાં આ સેગમેન્ટને સંબંધિત વિવિધ તત્ત્વો પર ઊંડા દ્રષ્ટિકોણવાળા લેખો સમવવામાં આવ્યા છે. એનર્જી કોમોડિટીઓની આસપાસના મુદ્દાઓ અને સંભવિતતાઓ હંમેશા ઊંચી રુચિવાળી રહી છે અને તેણે કોવિડ અને કોવિડ પછીના સમયગાળામાં ભારે અગત્યતા પ્રાપ્ત કરી છે.

એનર્જી માર્કેટ્સને આ માર્કેટસમાં ભારે અનિશ્ચિતતા લાવતી ફક્ત ભૌગોલિકરાજકીય ઘટનાઓની અગત્યતાને સમજીને સારી રીતે જાણવાની જરૂર છે એટલુ જ નહી પરંતુ અસંખ્ય મુદ્દાઓ કે જે આગામી દિવસોમાં અગત્યના બનનાર છે જેમ કે ગ્રીન એનર્જી, ઈલેક્ટ્રિસિટી ડેરીવેટિઝ, ઈલેક્ટ્રિક વ્હિકલ્સ વગેરેની આસપાસના મુદ્દાને સમજવા માટે પણ જરૂરી છે.

કોમોડિટી માર્કેટ વિસ્તૃત અને વિકસ્યુ હોવાથી, કોમોડિટી મૂલ્ય શ્રૃંખલામાં રહેલા માર્કેટ ખેલાડીઓ અને હિસ્સાધારકોમાં સતર્કતાનું સ્તર વધારવુ આવશ્યક છે. ઉપરાંત શૈક્ષણિક સમુદાયમાં સંસોધન રુચિ જગાવવા માટે પણ આવશ્યક છે જેથી કોમોડિટી માર્કેટ્સને લગતી નવી જાણકારી શોધી શકાય અને સર્જન કરી શકાય.આ રજૂઆત વેળાએ એમસીએક્સના એમડી અને સીઈઓ શ્રી. પી.એસ. રેડ્ડીએ જણાવ્યું હતુ કે, "કોમોડિટી ઈનસાઈટ્સ યરબુક એ કમાણીયુક્ત પ્રયાસ છે જે ડેટા અને લેખોની દ્રષ્ટિએ એક ઉપયોગી સારની ગરજ પૂરી પાડે છે. અમારા હિસ્સા ધારકો અને શિક્ષણવિંદો યરબુકને સહાયક અને સંબંધિત હોવાનું અનુભવશે તેની મને ખાતરી છે, અને ભારતમાં કોમોડિટીઝ ડેરિવેટીઝ માર્કેટ્સ પરની માહિતી માટે એક માપદંડ સ્ત્રોત બની રહેશે તેવી આશા છે."

રુચિ ધરાવતા દરેક લોકો, તેમાંયે ખાસ કરીને વિશ્વના સંશોધકો, વિશ્લેષકો અને યૂઝર્સ સુધી પહોંચવાના પ્રયાસ સાથે, કોમોડિટી ઈનસાઈટ્સ યરબુક ઉપયોગી ટાઈમ-સિરીઝ ડેટા સાથે, 'વપરાશમાં સરળ' સ્પ્રેડશીટ સાથે, વિનામૂલ્ય ડાઉનલોડ કરવા માટે અને વપરાશ માટે એમસીએક્સની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ બનાવવામાં આવી છે.

# રાજસ્થાનમાં ગહલોત-પાયલટ જુથની લડાઈ હાઈકોર્ટમાં પહોંચી

જયપુર,તા.૨૧

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોત અને પૂર્વ નાયબ મુખ્યમંત્રી સચિન પાયલટની રાજનીતિ લડાઇ ફરીથી સામે આવી ગઇ છે. બંન્ને જુથની લડાઇ ફરી કોર્ટ પહોંચી ગઇ છે.રાજસ્થાન હાઇકોર્ટમાં અરજી દાખલ કરી એ માંગ કરવામાં આવી છે કે રાજયમાં રાજકીય સંકટના સમયે જે અયોગ્યતાની નોટિસ અધ્યક્ષે જારી કરી હતી તેના પર તાકિદે સુનાવણી થાયરાજસ્થાન હાઇકોર્ટે આ અરજીની સુનાવણી માટે મંજુર કરી છે રાજસ્થાન હાઇકોર્ટમાં મોહનલાલ નામા તરફથી વકીલ વિમલ ચૌધરીએ અરજી દાખલ કરી છે આ અરજીમાં કહેવામાં આવ્યું છે કે રાજનીતિક અસ્થિરતાના કારણે સરકારનું કામકાજ થઇ રહ્યું નથી અરજીમાં કહેવામાં આવ્યું છે કે કોર્ટે વિધાનસભાના અધ્યક્ષ સી પી જોશી તરફથી ધારાસભ્યોને આપવામાં આવેલ અયોગ્યતાની નોટીસની કાયદેસરતા નક્કી કરવી જોઇએ જેથી તેના પર તાકિદે સુનાવણી થઇ શકેહવે તેને ગહલોત જુથ તરફથી પાયલટ સમર્થકો પર દબાણના રૂપમાં પણ જોવામાં આવી રહી છે બીજી તરફ સચિન પાયલટ જુથના ધારાસભ્ય પી આર મીણાએ હાઇકોર્ટમાં અરજી દાખલ કરવાનો વિરોધ કર્યો છે તેમણે કહ્યું કે આ મામલો સુપ્રીમ કોર્ટમાં લંબિત છે પાયલટ જુથના પી આર મીણાએ કહ્યું કે મામલો સુપ્રીમ કોર્ટમાં છે આવામાં તેને લઇ સુનાવણી થવી જોઇએ નહીં

રસપ્રદ વાત એ છે કે વિધાનસભાના અધ્યક્ષ જોશી તરફથી અયોગ્યતાની નોટીસ જારી કર્યા બાદ તેની વિરૂધ્ધ પાયલટ જુથના ધારાસભ્યો જ હાઇકોર્ટ ગયા હતાં હવે પાયલટ જુથના ધારાસભ્ય જ તેના પર સુનાવણી ઇચ્છતા નથી સુત્રોનો દાવો છે કે રાજસ્થાન હાઇકોર્ટમાં તાકિદે સુનાવણી માટે દાખલ નવી અરજીની પાછળ પણ ગહલોત જુથનો જ હાથ છે.

બીજીબાજુ રાજસ્થાન વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા ગુલાબચંદ કટારિયાના નેતૃત્વમાં ભાજપના પ્રતિનિધિમંડળે અધ્યક્ષ સી પી જોશીની મુલાકાત કરી હતી અને અધ્યક્ષથી માંગ કરી હતી કે ૨૫ સપ્ટેમ્બરની રાતે જે ધારાસભ્યો અને મંત્રીઓએ વિધાનસભાના સભ્ય તરીકે રાજીનામુ આપ્યું હતુ તેમના રાજીનામા પર કાર્યવાહી કરવામાં આવે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સતીશ પુનિયાએ તેને લઇ કહ્યું કે વિધાનસભાના સભ્ય પદેથી રાજીનામુ આપવા છતાં મંત્રી સરકારી સુવિધાનો ઉપયોગ કરી રહ્યાં છે. મંત્રી ટ્રાંસફર પોસ્ટીંગ કરાવી રહ્યાં છે.

## ડેઈલી માર્કેટ રિપોર્ટ

# કોટનના વાયદાના ભાવમાં ગાંસડીદીઠ રૂ.૮૦ની નરમાઈ: મેન્થા તેલમાં સુધારો

**સોના-ચાંદી, ક્રૂડ તેલ, નેચરલ ગેસમાં સાર્વત્રિક ઘટાડોઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૧૫૦૪ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૮૧૨૭ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૫૬ કરોડનાં કામકાજ**

મુંબઈ: દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૨,૬૦,૦૩૨ સોદાઓમાં કુલ રૂ.૧૯,૬૮૭.૦૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૧૧૫૦૩.૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૮૧૨૬.૮૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૧,૧૮,૭૪૭ સોદાઓમાં કુલ રૂ.૬,૫૮૮.૪૩ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ડિસેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૦૬૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૦,૦૯૪ અને નીચામાં રૂ.૪૯,૮૦૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૬ ઘટી રૂ.૫૦,૦૩૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૩૦ ઘટી રૂ.૩૯,૮૫૬ અને ગોલ્ડ-પેટલ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૩૪ ઘટી રૂ.૪,૯૪૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની નવેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૯,૯૦૧ના ભાવે ખૂલી, રૂ.૧૨૪ ઘટી રૂ.૪૯,૮૧૪ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી ડિસેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૬,૩૩૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૬,૪૯૭ અને નીચામાં રૂ.૫૫,૫૯૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૦૯ ઘટી રૂ.૫૫,૮૪૪ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૭૪૫ ઘટી રૂ.૫૬,૩૯૫ અને ચાંદી-માઈક્રો નવેમ્બર કોન્ટ્રેક્ટ રૂ.૭૫૫ ઘટી રૂ.૫૬,૫૦૪ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૬,૯૪૧ સોદાઓમાં રૂ.૨,૪૪૧.૫૪ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓક્ટોબર વાયદો ૧ કિલોદીઠ રૂ.૧.૮૫ ઘટી રૂ.૧૯૫.૯૦ અને જસત ઓક્ટોબર વાયદો રૂ.૦.૬૫ વધી રૂ.૨૭૪ના ભાવ થયા હતા. આ સામે તાંબુ ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૨.૧૦ ઘટી રૂ.૬૪૪.૭૫ તેમ જ સીસું ઓક્ટોબર કોન્ટ્રેક્ટ રૂ.૩ ઘટી રૂ.૧૭૯ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૩૬,૨૧૫ સોદાઓમાં કુલ રૂ.૨,૪૦૭.૨૦ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ નવેમ્બર વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૭,૦૪૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭,૦૭૪ અને નીચામાં રૂ.૬,૯૦૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૩૧ ઘટી રૂ.૭,૦૬૦ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૬.૮૦ ઘટી રૂ.૪૨૯ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧,૦૯૫ સોદાઓમાં રૂ.૬૬.૬૩ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ઓક્ટોબર વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૩૨,૯૧૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૩૩,૧૦૦ અને નીચામાં રૂ.૩૨,૫૭૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૦ ઘટી રૂ.૩૨,૯૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓક્ટોબર કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૦.૧૦ વધી રૂ.૯૭૭.૪૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૩,૬૦૭.૫૭ કરોડનાં ૭,૨૨૫.૨૭૭ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૨,૯૮૦.૮૬ કરોડનાં ૫૨૯.૦૧૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૮૪૯.૩૩ કરોડનાં ૧૨,૧૩,૭૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૫૫૮ કરોડનાં ૩૪૬૮૫૦૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૩૧.૪૪ કરોડનાં ૧૦૦૫૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૩૫.૧૯ કરોડનાં ૩૫૯.૬૪ ટનનાં કામકાજ થયાં હતાં.ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૮૨૭.૬૯૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૧,૧૬૫.૨૦૭ ટન, ક્રૂડ તેલમાં ૪૩૭૭૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૧૯૬૭૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૭૫૭૭૫ ગાંસડી, મેન્થા તેલમાં ૫૮૮.૯૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૫૬.૪૦ કરોડનાં ૮૨૦ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ ઓક્ટોબર વાયદો ૧૩,૮૧૫ના સ્તરે ખૂલી, ૭૮ પોઈન્ટ ઘટી ૧૩,૭૪૭ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૮,૧૨૬.૮૩ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૩૯.૮૯ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૮૯.૧૯ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪,૩૮૫.૧૧ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૭૧૦.૩૦ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૨૦૩.૩૯ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૯૯.૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૦૨ અને નીચામાં રૂ.૩૨૧.૯૦ રહી, અંતે રૂ.૧૭.૯૦ ઘટી રૂ.૩૯૩.૮૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૪૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૨૦ ખૂલી, ઊપરમાં રૂ.૮.૨૦ અને નીચામાં રૂ.૦.૬૫ રહી, અંતે રૂ.૫.૦૫ ઘટી રૂ.૧ થયો હતો. સોનું નવેમ્બર રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧૯ ખૂલી, ઊપરમાં રૂ.૪૧૯ અને નીચામાં રૂ.૩૩૧ રહી, અંતે રૂ.૪૧ ઘટી રૂ.૩૭૭ થયો હતો. સોનું-મિની ઓક્ટોબર રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૬૮.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૮.૫૦ અને નીચામાં રૂ.૧૩.૫૦ રહી, અંતે રૂ.૪૭ ઘટી રૂ.૨૨ થયો હતો. ચાંદી નવેમ્બર રૂ.૬૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭૦૫ ખૂલી, ઊપરમાં રૂ.૭૦૫ અને નીચામાં રૂ.૫૫૦.૫૦ રહી, અંતે રૂ.૮૭ ઘટી રૂ.૬૨૬.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ નવેમ્બર રૂ.૭,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૩૩૩.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૧૨ અને નીચામાં રૂ.૩૩૦ રહી, અંતે રૂ.૧૭.૨૦ વધી રૂ.૩૩૭.૪૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓક્ટોબર રૂ.૪૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧.૩૦ ખૂલી, ઊપરમાં રૂ.૫.૩૦ અને નીચામાં રૂ.૦.૯૦ રહી, અંતે રૂ.૨.૬૦ વધી રૂ.૩.૮૫ થયો હતો.

# આગામીદિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિત્તે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, અમદાવાદનુંજાહેરનામું

## અમદાવાદ જીલ્લામા ફટાકડાની આયાત, ઉત્પાદન, ખરીદ, વેચાણ તથા ફટાકડા ફોડવા અંગેનુ જાહેરનામુ



આગામી દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો દરમ્યાન ફોડવામા આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેરજનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે અમદાવાદ જીલ્લામા ફટાકડાની આયાત, ઉત્પાદન, ખરીદ, વેચાણ તથા ફટાકડા ફોડવા ઉપર નિયમન અંગે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ દ્વારા જાહેરનામુ બહાર પાડવામા આવેલ છે.અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, અમદાવાદ દ્વારા ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪થી મળેલ સત્તા રુએપોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેરની હકુમત સિવાયનોઅમદાવાદ જિલ્લાનો સમગ્ર મહેસુલી વિસ્તારમાંનીચે મુજબના કૃત્યોનુ ચુસ્તપણે પાલન કરવા માટે ફરમાન કરવામા આવેલ છે.

દિવાળી તથા અન્ય તહેવારો દરમ્યાન રાત્રે૦૮.૦૦ થી ૧૦:૦૦ કલાક દરમ્યાન જ ફટાકડા ફોડી શકાશે. તેમજક્રિસમસ અને નુતન વર્ષના તહેવાર દરમ્યાન ફટાકડા રાત્રે ૧૧.૫૫ કલાકથી૧૨.૩૦ કલાક સુધી જ ફોડી શકાશે.

ગ્રીન તથા માન્યતા પ્રાપ્ત ફટાકડા કે જે ઓછા એમિશન ઉત્પન્ન કરે છે તેનાં ઉત્પાદન અને વેચાણની પરવાનગી આપવામાં આવે છે, આ સિવાયનાં તમામ પ્રકારના ફટાકડાના ઉત્પાદન અને વેચાણ પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

ફટાકડા બનાવવા માટે સીરીઝમાં જોડાયેલા ફટાકડા (Joint firecrackers,Series crackers or Laris) થી મોટા પ્રમાણમા હવાનુ પ્રદુષણ, ધ્વનિ પ્રદુષણ તથા ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહી, વેચાણ કરી શકાશે નહી કે ફોડી શકાશે નહી.

ફટાકડાનું વેચાણ માત્ર લાયસન્સધારક વેપારીઓ દ્વારા કરવાનું રહેશે. આ વેપારીઓએ નામ.સુપ્રિમકોર્ટનાં તા.૨૩/૧૦/૨૦૧૮ના આદેશ મુજબ માન્ય રાખવામાં આવેલ ફટાકડાઓનું જ વેચાણ કરવાનું રહેશે.

ઈ-કોમર્સ વેબસાઈટના માધ્યમથી ઓનલાઈન કોઈપણ પ્રકારનાં ફટાકડાનું વેચાણ કરી શકાશે નહી.

ફટાકડા બનાવવા માટે બેરીયમનાં ઉપયોગ પર પ્રતિબંધ મુકવામાં આવે છે.

હાનિકારક ધ્વનિ સ્તર (૧૨૫ ડેસીબલ યુનિટ અથવા ૧૪૫ ડેસીબલ (સી) પી.કે. થી ઓછો અવાજ પેદા કરે) તેવા જ ફટાકડા વેચી/વાપરી શકાશે.

PESO દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના બોક્સ પર 'પીઈએસઓ સુચના પ્રમાણેન' માર્કિંગ હોવુ જરૂરી છે.

હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને ત્યા કોઈપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી.

વિદેશી ફટાકડાની આયાત પ્રતિબંધિત ઘોષિત થયેલ છે.

જેથી કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહી, રાખી શકાશે નહી કે વેચાણ કરી શકાશે નહી કે ફોડી શકાશે નહી.

કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઈનીઝ તુક્કલ/આતશબાજ બલૂન)નુ ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકાશે નહી.

આ જાહેરનામાનો અમલ તા.૨૧/૧૦/૨૦૨૨ના ૦૦.૦૦ કલાક થી તા.૧૦/૧૧/૨૦૨૨ના૨૪.૦૦ કલાક સુધી કરવાનો રહેશે. અ । જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ પગલા લેવાની કાર્યવાહી કરવામા આવશે.

## ન્યુઝ ઓફ ગાંધીનગરને હાર્દિક શુભેચ્છા

ન્યુઝ ઓફ ગાંધીનગર અખબાર આજે આઠ વર્ષની અખબાર જગતની સફર પુરી કરીને નવમા વર્ષમાં મંગલ પ્રવેશ કરે છે એ બદલ અખબારના તંત્રી શ્રી પ્રદીપભાઈ રાવલ તથા સમગ્ર ટીમને હાર્દિક શુભેચ્છા પાઠવું છું. આજની ગળાકાપ હરીફાઈમાં ટકી રહેવું એ કાંઈ નાની સૂની બાબત નથી.

દરરોજ કોઈને કોઈ પ્રકારના નાના કે મોટા અખબારનો ઉદય થતો રહે છે, છતાં પણ શ્રી પ્રદીપભાઈ હિમાલયની જેમ અડીખમ રહીને નિષ્પક્ષ પણે પોતાનું અખબાર ચલાવી રહ્યા છે. પ્રદીપભાઈ સત્ય ઉપર ચાલનારા અને આખા બોલા વ્યક્તિ છે અને કોઈની પણ શેહશરમ માં તણાયા વગર નિડર અને તટસ્થ રીતે કાર્ય કરે છે. ન્યૂઝ ઓફ ગાંધીનગરની સાહિત્યિક કોલમ વાંચકોમાં બહુ લોકપ્રિય બની છે. શ્રી પ્રદીપભાઈએ બ્રાહ્મણ સમાજનું ગૌરવ વધાર્યું છે અને બ્રાહ્મણો માટે કાંઈક કરી છૂટવાની ભાવના એમના મનમાં હંમેશા ઉજાગર રહે છે.

હજુ પણ ઈશ્વરને પ્રાર્થના કરું છું કે આ અખબાર ખુબજ તરક્કી કરે અને સિદ્ધિઓના સોપાન સર કરે એવી દિલથી હાર્દિક શુભેચ્છા છે.

યોગેશભાઈ આર જોશી
હાલોલ:૩૮૯૩૫૦
જી.પંચમહાલ.

## લોકસાહિત્યકાર દેવાયત ખવડને જાનથી મારી નાખવાની ધમકી: કમિશનર-ડીસીપીને ફરિયાદ

રાજકોટ, તા.૨૧

છેલ્લા ઘણા સમયથી લોક સાહિત્યકારોને યેનકેન પ્રકારે ધમકીઓ આપવાનો સિલસિલો અટકવાનું નામ લઈ રહ્યો નથી. આ બધાની વચ્ચે તાજેતરમાં જ એક માથાકૂટને લઈને વિવાદમાં આવેલા લોકસાહિત્યકાર દેવાયત ખવડને જાનથી મારી નાખવાની ધમકી મળતાં ચકચાર મચી જવા પામી છે. ધમકી મળતાંની સાથે જ દેવાયત ખવડ દ્વારા રાજકોટ પોલીસ કમિશનર અને ડીસીપીને આ અંગેની ફરિયાદ કરી હોવાનું જાણવા મળી રહ્યું છે.



જય શ્રી સ્વામિનારાયણ,
શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર, મણિનગરના પરિસરમાં દીપાવલીના શુભ અવસરે અદ્ભુત કલાત્મક રંગોળી: મહંત સદ્‌ગુરુ શ્રી ભગવતપ્રિયદાસજી સ્વામી

# અડાલજ ખાતે યોજાયેલ મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ કાર્યક્રમમાં સુરત જિલ્લાનાં શિક્ષકો સહભાગી થયા

( આ મિશન હેઠળ સુરત જિલ્લાની ૩૦૬ શાળાઓનો સમાવેશ )

મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સ હેઠળ પ્રણાલીગત ફેરફારો પ્રગતિની સતત અને અસરકારક દેખરેખ સુનિશ્ચિત કરવા માટે ગુજરાત સ્કૂલ ક્વોલિટી એક્રેડિટેશન કાઉન્સિલ (ય્જીઊછ્ઝ) દ્વારા ગુણોત્સવ ૨.૦ અંતર્ગત એક્રેડિટેશન માળખું બનાવવામાં આવ્યું જે શિક્ષણ અને અધ્યયનનાં ઉપયોગ, એડમિનિસ્ટ્રેટીવ, સહ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સંસાધનોનો ઉપયોગ વગેરે જેવાં ક્ષેત્રોમાં શાળાઓની મૂલ્યાંકન કરી ગ્રેડ આપે છે. રાજ્યનું શિક્ષણ વિભાગ રાજ્યમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ થકી એક્સેલન્સ હાંસલ કરવાનાં ઉદ્દેશ્ય સાથે દેશનાં સૌથી મોટા સર્વગ્રાહી શાળાકીય શિક્ષણ મિશનનો શુભારંભ કરવા જઈ રહ્યું છે. જે અંતર્ગત સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ દ્વારા આયોજિત મિશન સ્કૂલ ઓફ એક્સેલન્સનો વિધિવત શુભારંભ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યો હતો.દાદાનગર કન્વેન્શન સેન્ટર, ત્રિમંદિર, અડાલજ જિ. ગાંધીનગર મુકામે યોજાયેલ આ કાર્યક્રમમાં સુરત જિલ્લાની સદર મિશન હેઠળની શાળાઓનાં મુખ્યશિક્ષકો




સહિત શાળા દીઠ બે એસ.એમ.સી. સભ્યોએ ભાગ લીધો હતો. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. દિપકભાઈ દરજી તથા જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ કિરીટભાઈ પટેલનાં જણાવ્યા અનુસાર સુરત જિલ્લાનાં ઓલપાડ તાલુકાની શાળાઓ ૨૯ શાળાઓ, ઉમરપાડાની ૩૨ શાળાઓ, માંડવીની ૫૧ શાળાઓ, ચોર્યાસીની ૨૮ શાળાઓ, માંગરોલની ૪૦ શાળાઓ, પલસાણાની ૨૩ શાળાઓ, બારડોલીની ૩૨ શાળાઓ, મહુવાની ૩૦ શાળાઓ જ્યારે કામરેજ તાલુકાની ૪૧ શાળાઓનાં મુખ્યશિક્ષકો, સી.આર.સી., બી.આર.સી. કો-ઓર્ડિનેટરો તથા એસ.એમ.સી. સભ્યો મળી કુલ ૧૦૦૫ જેટલાં વ્યક્તિઓ આ કાર્યક્રમમાં સહભાગી થયા હતાં. એમ જિલ્લાનાં પ્રચાર-પ્રસાર પ્રતિનિધિ વિજય પટેલ એક અખબારી યાદીમાં જણાવે છે.

## "વિશ્વાસ થી વિકાસ યાત્રા"-

# ડાંગ જિલ્લા કક્ષાનો "વિકાસ થી વિકાસ યાત્રા" ભુમિપુજન અને ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો

**ડાંગ જિલ્લામા ૩૪.૯૮ કરોડના વિકાસકીય કામોનુ લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ**

આહવા: તા : ૨૧: "વિશ્વાસથી વિકાસ યાત્રા" કાર્યક્રમ અંતર્ગત ડાંગ જિલ્લામા કુલ ૩૪.૯૮ કરોડના વિકાસના કામોનુ લોકાર્પણ અને ખાતમુહૂર્ત ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલના હસ્તે કરવામા આવ્યુ હતુ.

કાર્યક્રમના અધ્યક્ષ ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે આ પ્રંસગે જણાવ્યુ હતુ કે, વિકાસની ધુરા સંભાળનાર માનનિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આગેવાની, અને વિકાસની દિઘર્દ્રસ્ટીના કારણે દેશ હરણફાળ ભરી રહ્યો છે. રાજ્યની ડબલ એન્જિન સરકાર જન-જન સુધી પહોચી છે. રસ્તા, પાણી, વિજળી, શિક્ષણ બાબતે કટીબ્ધ્ધ આ સરકારે છેક છેવાડાના માનવી સુધી વિકાસના સુફળ પહોંચાડ્યા છે.

ધારાસભ્યશ્રીએ વધુમા જણાવ્યુ હતુ કે, ડાંગ જેવા દુર્ગમ પહાડી વિસ્તારની વિકાસ ગાથાઓ ગાઈ શકાય એવા દાખલાઓ આ સરકારે બેસાડ્યા છે. ગામના રસ્તાઓ, ગામના વિકાસકીય કામો, ગ્રામ્ય વિસ્તારમા ખેતી ક્ષેત્રમા આજે ખેડુતો પ્રગતી કરતા થયા છે. શિક્ષણ શ્રેત્રમા ડાંગ જિલ્લાનુ પરિણામ રાજ્યમા ઉંચુ આવ્યુ છે. ગરીબ બાળકો શિક્ષણથી વંચીતના રહે તેમજ તેઓને ઉત્તમ ગુણવત્તા સભર શિક્ષણ મળી રહે તે માટે આ સરકારે આદિજાતી તેમજ એકલવ્ય શાળાઓ શરૂ કરી છે. આ ઉપરાંત રમત શ્રેત્રમા સરીતા ગાયકવાડે ડાંગ અને ગુજરાતનુ નામ રોશન કર્યુ છે. તાજેતર જ કર્ણાટકના બેગલોરમા યોજાયેલ ઓપન એથલેટીક મિટ ૧૦૦૦૦ મીટર દોડમા ડાંગના મુરલી ગાવિતે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી ગુજરાત નામ રોશન કરેલ છે. જે ડાંગ માટે ખુબ જ ગૌરવ ની વાત છે, તેમ શ્રી પટેલે જણાવ્યુ હતુ.




ગત રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા રૂ. ૧૬૬૯ કરોડના ખર્ચે સાપુતારા થી સ્ટેચ્યુ ઓફ યુનિટી સુધીના ૧૦ મિટર પહોળા રસ્તાનુ ખાતમુહર્ત કરવામા આવ્યુ છે. જેમા કોઈ પણ ખેડૂતની જમીન જવાની નથી, માટે ભ્રામક લોકોથી સાવચેત રહેવા પણ ધારાસભ્યશ્રીએ જણાવ્યુ હતુ.

જન-જન સુધી સરકારી લાભો મળી રહે તે માટે ડાંગ જિલ્લામા ૩૪.૯૮ કરોડના ખર્ચે ખાતમુર્હત અને લોકાર્પણ કાર્યો કરાયા છે. જેમા આયોજન પ્રમાણે સામાન્ય વહિવટ વિભાગના ૨૬૯ કામો કુલ ૧૦.૩ કરોડનુ ખાત મુર્હત, અને ૧૪ કામો કુલ ૦.૫૪૫ કરોડ રૂપિયાનુ લોકાર્પણ. જિલ્લા પંચાયત ૧૫મુ નાણાપંચ અતર્ગત પંચાયત વિભાગના કુલ ૧૦ કામો ૦.૩૦ કરોડનુ ખાતમુર્હત તેમજ ૮ કામો કુલ ૦.૨૨૮ કરોડના ખર્ચે લોકાર્પણ કરવામા આવ્યુ છે.

નેશનલ હાઈ વે ૧ રોડ જે ૪.૭ કરોડના ખર્ચે ખાતમુર્હત કરાયુ છે. જ્યારે માર્ગ અને મકાન પંચાયત વિભાગના ૧૨ કામો જે કુલ ૧૩.૮૭ કરોડના ખર્ચે ખાતમુર્હત કરવામા આવેલ છે. ગ્રામ વિકાસ એજન્સીના ૧૪ કામો ૧.૨૨ કરોડના ખર્ચે ખાતમુર્હત તેમજ ૧૮ કામો કુલ ૨.૯૩ કરોડના ખર્ચે લોકાર્પણ થયા છે તેમ ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યુ હતુ.

પ્રજા સુધી વિકાસકીય કામો પહોચાડતી અને ૨૦ વર્ષથી પ્રજાનો વિશ્વાસ જાળવી રાખનાર સરકાર દ્વારા ડાંગ જિલ્લામા કુલ ૩૦૬ કામોનુ ખાતમુર્હત અને ૪૦ કામોના લોકાર્પણ કરતા ધારાસભ્યશ્રીએ સરકારશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો.

આહવા તાલુકા પંચાયત પ્રમુખ શ્રીમતી કમળાબેન રાઉતે આ પ્રંસગે જણાવ્યુ હતુ કે, ડબલ એન્જીન સરકાર પ્રજાહિત કલ્યાણકારી યોજનાઓ લાવી રહી છે. જન્મથી મૃત્યુ સુધીની તમામ યોજનાઓ આ સરકાર આપી રહી છે. સરકારે વ્યક્તિગત લાભો આપી લોકોને સન્માન આપ્યુ, ઘરઘર ગેસ કનેકશન, સૌચાલયની સુવિધા, આવાસની સુવિધાઓ આપી. વધુમા ખેતી ક્ષેત્રે પણ ખેડૂતોને પગભર કરવા જિલ્લામા ૧૫૦૦ થી વધારે કુવાઓ આપ્યા છે. ડેરી ઉધોગ ક્ષેત્રેમા રોજગારી મેળવે તે માટે મહિલાઓ પશુપાલનનો લાભ આપવામા આવ્યા છે.આહવા ખાતે યોજાયેલ કાર્યક્રમમા કલેકટર શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા, અધિક નિવાસી કલેકટર શ્રી પી.એ. ગાવિત, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી યોગેશભાઈ જોષી, શિક્ષણ અધિકારી શ્રી એમ. સી. ભુસારા, શિક્ષણ સમિતિના અધ્યક્ષ શ્રીમતી નીલમબેન ચૌધરી સહિત અન્ય અધિકારીઓ અને પદાધીકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

નરેન્દ્ર પવાર, ડાંગ



**ગાંધીનગર ઉતર વિધાનસભા ના કોગ્રેસ આગેવાનો, કાર્યકર્તાઓ દ્રારા આયોજીત જન સંપર્ક યાત્રામાં ખુબ મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરો જોડાયા. ઉમળકા ભેર લોકોએ આવકાર્યા કંકુ ચોખા થી સ્વાગત કર્યા જય કોંગ્રેસ: અહેવાલ : ગાંધીનગર કોંગ્રેસ સમિતિ**

# સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરી ૪,૬૩,૯૫૧ની રકમ ફ્રિજ કરાવી

**વીમા પોલિસી બાબતે અલગ અલગ ચાર્જ વસૂલી ફરિયાદી સાથે લાખોની છેતરપિંડી કરતી ગેંગના આરોપી ઝડપાયા**

સુરત,તા.૨૧

રિલાયન્સ નીપોન કંપનીની પોલીસી ઉપર આર્થિક લાભ અપાવવાના બહાને અને લોકપાલમાંથી બોલતા હોવાની ખોટી ઓળખ આપી વીમા પોલિસી બાબતે અલગ અલગ ચાર્જ વસૂલી ફરિયાદી સાથે લાખોની છેતરપિંડી કરતી ગેંગના આરોપીને સુરત સાયબર ક્રાઈમ પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે. આ આરોપીઓ ઉત્તર પ્રદેશ અને દિલ્હીના હોવાનું સામે આવ્યું છે. સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસ દ્વારા આરોપીની ધરપકડ કરી ૪,૬૩,૯૫૧ની રકમ ફ્રિજ કરાવી છે.

સુરત સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં એક વ્યક્તિ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી હતી. તેમને ફરિયાદમાં ઉલ્લેખ કર્યો હતો કે, ઓક્ટોબર ૨૦૨૦થી અલગ અલગ મોબાઈલ પરથી ફોન કરીને આરોપીઓએ ફરિયાદીને પોતે લોકપાલ કંપનીમાંથી બોલતા હોવાની ખોટી ઓળખ આપી હતી. ત્યારબાદ રિલાયન્સ નિપોન કંપનીની પોલિસી ઉપર આર્થિક લાભ અપાવવાનું જણાવીને આરોપીઓએ ફરિયાદી પાસેથી એક ડિસેમ્બર ૨૦૨૦થી ૧૫ ડિસેમ્બર ૨૦૨૧ સુધીમાં ફરિયાદીના અલગ અલગ બેંક એકાઉન્ટ મારફતે ૨૮,૦૦,૮૬૦ રૂપિયા પડાવી લીધા હતા. ત્યારબાદ ફરિયાદીને આરોપીઓએ કોઈ પણ પ્રકારનો આર્થિક લાભ આપ્યો ન હતો અને તેમની સાથે વિશ્વાસઘાત કર્યો હતો.આ સમગ્ર મામલે સાઈબર ક્રાઈમ પોલીસે છેતરપિંડીનો ગુનો દાખલ કરીને આરોપીઓની શોધખોળ શરૂ કરી હતી. સાયબર ક્રાઈમ પોલીસે ટેકનિકલ સર્વેના આધારે અગાઉ ૨ આરોપીને ૧૧ ઓક્ટોબર ૨૦૨૨ના રોજ પકડી પાડ્યા હતા.સુરત ક્રાઈમ બ્રાન્ચ પોલીસે ૧૧ ઓક્ટોબરના રોજ પકડેલા આરોપીનું નામ સંતોષકુમાર અને શ્યામવિર પાલ હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ બંને આરોપીની પૂછપરછ કરતા સામે આવ્યું હતું કે તેમની સાથે અન્ય ૬ આરોપીઓ પણ આ ગુનામાં સંડોવાયેલા છે. તેથી પોલીસે બાતમીના આધારે મનોજકુમાર, સલાઉદ્દીન સિદ્દીકી, રામપ્રસાદ, અજય કુમાર, મોહમ્મદ રિઝવાન અને ખુશ્બુ મિશ્રા નામના આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓ ઉત્તર પ્રદેશ અને દિલ્હીમાંથી ઝડપાયા હતા. સાયબર ક્રાઈમ પોલીસે આરોપીઓની અટકાયત કરી તેમના અલગ અલગ બેક્ર એકાઉન્ટ માંથી ૪,૬૩,૯૫૧ની રકમ પણ ફ્રીઝ કરાવી હતી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.